*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

સારથી સંતપ્ત જીવોને શાંતિની ઝાંખી કરાવતું અજોડ આધ્યાત્મિક - માસિક




વર્ષ ૧૫ મું
અંક ૮ મો
જેઠ
વી. સં. ૨૪૮૪
સંપાદક
રામજી માણેકચંદ શાહ
૧૭૬

# જિનશાસનનું હાર્દ

જિનશાસનમાં ગમે તે પ્રકારે ગમે તે પડખેથી વાત લ્યો પણ તેનો સાર તો આ જ છે કે પરાશ્રિત પરિણમન છોડીને અંતરના જ્ઞાનાનંદસ્વભાવ તરફ વળવું. કેમ કે પરાશ્રિત પરિણમન તે સંસારનું કારણ છે ને સ્વભાવ સન્મુખતા તે મોક્ષનું કારણ છે.

ગમે તે સંયોગમાં, ગમે તે ક્ષેત્રમાં, ગમે તે કાળમાં જે જીવ પોતે નિશ્ચય સ્વભાવનો આશ્રય કરીને પરિણમે છે તે જ જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષ પામે છે; અને જે જીવ શુદ્ધસ્વભાવનો આશ્રય નથી કરતો ને પરાશ્રિત એવા વ્યવહારનો આશ્રય કરે છે તે જીવ કોઈ સંયોગમાં, કોઈ ક્ષેત્રમાં કે કોઈ કાળમાં સમ્યગ્દર્શનાદિ પામતો નથી.

इदमेवात्र तात्पर्य हेयः शुद्धनयो न हि ।
नास्ति बंधस्तदत्यात्तत्त्यागाद्‌बंध एव हि ।।१२२।।

અહીં આ જ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી; કારણ કે તેના અત્યાગથી બંધ થતો નથી અને તેના ત્યાગથી બંધ જ થાય છે.



શ્રી જૈનસ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# 卐 વિધવિધ સમાચાર 卐

લીંબડીમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ બાદ વૈશાખ સુદ પૂર્ણિમાએ ત્યાંથી વિહાર કરીને ગુરુદેવ ચૂડા પધાર્યા હતા; ત્યાર બાદ અનુક્રમે રાણપુર, બોટાદ, વીંછીયા, ગઢડા તથા ઉમરાળા થઈને જેઠ સુદ છઠ્ઠના રોજ પુનઃ સોનગઢ પધાર્યા છે. ગુરુદેવ જ્યાં જ્યાં પધાર્યા ત્યાં દરેક શહેર અને ગામના ભક્તજનોએ ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું હતું. બોટાદ જિનમંદિરની પ્રતિષ્ઠાના વાર્ષિક દિવસે (વૈશાખ વદ સાતમે) ગુરુદેવ બોટાદમાં જ હતા, તેથી તે દિવસ ઉત્સાહથી ઊજવાયો હતો અને ભગવાનની રથયાત્રા નીકળી હતી. વીંછીયામાં પાઠશાળાના બાળકોએ નેમવૈરાગ્યનો સંવાદ ભજવ્યો હતો. ઉમરાળા જિનમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠાનો દિવસ જેઠ સુદ ચોથ છે, તે દિવસે ગુરુદેવ ઉમરાળામાં હોવાથી તે દિવસ પણ ઉત્સાહથી ઉજવાયો હતો, તે દિવસે ભગવાનની રથયાત્રા નીકળી હતી; શ્રુતપંચમી પણ ઉમરાળામાં ઉજવાણી હતી ને તે નિમિત્તે શ્રુત પૂજન તથા ભક્તિ થયા હતા. જેઠ સુદ છઠ્ઠને દિવસે ગુરુદેવ સોનગઢ પધારતાં ભક્તજનોએ ઉમંગથી સ્વાગત કર્યું હતું; સુવર્ણપુરીને ખૂબ શણગારવામાં આવી હતી. ઉમરાળાથી નીકળ્યા બાદ થોડી જ વારમાં દૂરદૂરથી સુવર્ણપુરીના માનસ્તંભની બત્તી દેખાતી હતી...તે જોઈને ગુરુદેવ વારંવાર માનસ્તંભને અને સુવર્ણપુરીને યાદ કરતા હતા. સૌથી પહેલાં ગુરુદેવ જિનમંદિરમાં પધાર્યા હતા..અને સીમંધર ભગવાનના ધર્મદરબારની અદ્ભુત શોભા નીહાળતા થોડીવાર ત્યાં પ્રભુ સન્મુખ એકીટસે ઊભા હતા..પછી સુવર્ણની રકાબીમાં અર્ઘ ચડાવ્યો હતો. ત્યાર બાદ સ્વાધ્યાય મંદિરમાં માંગલિક સંભળાવ્યું હતું. ગુરુદેવ સોનગઢ પધારતાં આખા ગામની શોભા પલટી ગઈ છે ને ચારેકોર પ્રસન્નતાનું વાતાવરણ છવાઈ ગયું છે. સુવર્ણપુરીના જિનમંદિરની શોભા તો ખરેખર અદ્ભુત બની ગઈ છે.

પ્રવચનમાં સવારે શ્રી પંચાસ્તિકાય શાસ્ત્ર વંચાય છે અને બપોરે શ્રી પ્રવચનસારશાસ્ત્ર વંચાય છે. જિનમંદિરમાં ભક્તિ, રાત્રિચર્ચા વગેરે કાર્યક્રમો નિયમિત ચાલી રહ્યા છે.

પંચાસ્તિકાયશાસ્ત્ર-જે હમણાં પ્રસિદ્ધ થયું છે ને જેની કિંમત રૂા. ત્રણ છે, તે હવે વેચાણ વિભાગમાંથી મળી શકે છે. પંચાસ્તિકાયની ગુજરાતી ગાથાઓનો ગૂટકો પણ છપાઈ ગયો છે, તેની કિંમત પાંચ આના છે.

## બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા

પૂ. ગુરુદેવ રાણપુર પધાર્યા ત્યારે, વૈશાખ વદ ત્રીજના રોજ ત્યાંના ભાઈશ્રી વીરચંદ ફૂલચંદના સુપુત્રી શારદાબેને પૂ. ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી છે. તેઓ કુમારિકા છે. હાલ તેમની ઉંમર લગભગ ૨૨ વર્ષની છે, તેઓ વૈરાગ્યવાળા છે ને અવારનવાર સોનગઢ આવીને સત્સમાગમનો લાભ લ્યે છે. નાની ઉંમરમાં આ શુભકાર્ય માટે તેમને ધન્યવાદ!

## લીંબડી શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે પ્રતિષ્ઠિત થયેલા

## જિનબિંબોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | શ્રી પાર્શ્વનાથ ભગવાન (મૂળનાયક) | લીંબડી | (૭) | શ્રી સીમંધર ભગવાન મારવાડ | સાયલા |
| (૨) | શ્રી આદિનાથ ભગવાન (વિધિનાયક) | લીંબડી | (૮) | શ્રી આદિનાથ ભગવાન મારવાડ | સાયલા |
| (૩) | શ્રી ચંદ્રપ્રભ ભગવાન | લીંબડી | (૯) | શ્રી મહાવીર ભગવાન | ગોંડલ |
| (૪) | શ્રી આદિનાથ ભગવાન | લીંબડી | (૧૦) | શ્રી શાંતિનાથ ભગવાન | ગોંડલ |
| (૫) | શ્રી સીમંધર ભગવાન | લીંબડી | (૧૧) | શ્રી શાંતિનાથ ભગવાન | ખેરાગઢરાજ |
| (૬) | શ્રી સીમંધર ભગવાન | સોનગઢ | | | |

સૌરાષ્ટ્રમાં પૂ. ગુરુદેવના પ્રતાપે અત્યાર સુધીમાં ૧૦ વખત પંચકલ્યાણક મહોત્સવો થયા છે; અને એકંદર ૧૭૮ વીતરાગી જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ છે.

## ગ્રાહકોને સૂચના

આપણું 'આત્મધર્મ' માસિક પહેલાં દરેક માસની સુદ બીજે પ્રસિદ્ધ થતું, તેને બદલે હાલ દરેક અંગ્રેજી મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થાય છે; આ વાત લક્ષમાં રાખવા દરેક ગ્રાહકોને ખાસ વિનંતિ છે.

---

**વાર્ષિક લવાજમ રૂપિયા ચાર::: છૂટક નકલ પાંચ આના**

# આત્મધર્મ

| વર્ષ પંદરમું | સંપાદક | જેઠ |
|---|---|---|
| અંક આઠમો | રામજી માણેકચંદ દોશી | ૨૪૮૪ |


## વીતરાગની વાણી અમૃતરસનું પાન કરાવે છે

પોતાના ધર્મનું કે મોક્ષનું સાધન થવાની શક્તિ આત્મામાં છે; નિમિત્ત અને રાગ જો ધર્મનું ખરું સાધન હોય તો શું આત્મામાં પોતાના ધર્મનું સાધન થવાની તાકાત નથી? જો પોતામાં તાકાત ન હોય તો બીજો શું કરે? અને જો પોતામાં જ સાધન થવાની તાકાત છે તો બીજા સાધનની ઓશીયાળ ક્યાં રહે છે? પણ જીવોને પરાધીન દૃષ્ટિ છૂટતી નથી એટલે કંઈક નિમિત્ત ને કંઈક રાગ મને ધર્મનું સાધન થશે–એમ માને છે, પણ અંતરસ્વભાવ તરફ વળીને પોતાના આત્માને જ સાધન બનાવતો નથી. ભગવાનની વાણી એમ બતાવે છે કે અહો જીવો! પરથી પરમ વૈરાગ્ય કરીને ચૈતન્યસ્વરૂપ તરફ વળો. પરથી–રાગથી કંઈ પણ લાભ થાય એમ જે માને તેને પરમવૈરાગ્ય હોતો નથી. અહો! જિનવાણીમાતા તો ચૈતન્યના નિર્વિકલ્પ રસનું પાન કરાવનારી છે; નિર્વિકલ્પ અમૃતનું પાન પર તરફના વલણથી નથી થતું, સ્વ તરફના વલણથી જ થાય છે; એટલે સ્વભાવ તરફ વળવું તે જ જિનવાણીનો ઉપદેશ છે.

અહા! ભગવાનની વાણી ભવ્યજીવોને અમૃતપાન કરાવીને ભવસમુદ્રથી તારનાર છે. ભવ્યજીવો પોતાના કર્ણરૂપી ખોબા ભરી ભરીને તેનું પાન કરે છે. પરથી અત્યંત વિરક્ત થઈને સ્વરૂપસન્મુખ થવાનું જિનવાણી બતાવે છે, અને એ રીતે સ્વરૂપ–સન્મુખ થતાં જ સમ્યજીવોને નિર્વિકલ્પ અમૃતરસનું પાન થાય છે, તેથી જિનવાણીએ જ અમૃતનું પાન કરાવ્યું–એમ કહેવાય છે. શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે–

**“વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસમૂળ,**
**ઔષધ જે ભવરોગનાં કાયરને પ્રતિકૂળ.”**

ભગવાન સર્વજ્ઞ અને સંતોને પોતાના આત્મામાં પરમ શાંત ચૈતન્ય રસનું વેદન થયું છે, અને તેમની વાણી પણ પરમશાંતરસનું મૂળ છે; તે વીતરાગની વાણી યથાર્થપણે ઝીલતાં ભવ્ય જીવોને આત્મામાં પરમ શાંત રસનું વેદન થયા વિના રહેતું નથી. વીતરાગની વાણી વીતરાગતા કરાવનારી છે, ક્યાંય પણ રાગને પોષે તે વીતરાગની વાણી નહિ. મુક્તપુરુષોની વાણી તો મુક્તિ તરફ જ લઈ જનારી છે, વીતરાગી મોક્ષમાર્ગનો જ આદેશ દેનારી છે. જે મોક્ષાર્થી–પુરુષાર્થી છે તે તો આવી વીતરાગવાણી કાને પડતાં જ વીતરાગી પુરુષાર્થથી ઊછળી જાય છે કે અહા, આ વાણી! આવી મનોહર અપૂર્વ વાણી! આવો અચિંત્ય સ્વભાવ દર્શાવનારી વાણી! જે જીવને અંતરમાં વીતરાગતાનો આવો પુરુષાર્થ નથી, ને કાયરપણે રાગને સાધન માને છે, તે કાયરને વીતરાગની વાણી પ્રતિકૂળ છે. જેમ સાકર છે તો મીઠીમધુરી, પણ ગધેડાને પ્રતિકૂળ પડે છે, તેમ વીતરાગની વાણી તો મીઠી મધુરી, પરમશાંતરસની દાતાર છે પણ વિપરીતદૃષ્ટિવાળા કાયરને તે પ્રતિકૂળ પડે છે. કેમકે તેને રાગની રુચિ છે તેથી વીતરાગી તાત્પર્યવાળી વાણી તેને ક્યાંથી રુચે? વીતરાગ ભગવાનની વાણી તો જીવને અંતર્મુખ લઈ જઈને ચૈતન્યના પરમ શાંત અમૃતરસનું પાન કરાવે છે, ને પુરુષાર્થી ભવ્ય જીવ જ તેને યથાર્થપણે ઝીલી શકે છે.

(–નિયમસાર ગા. ૮ ઉપરના પ્રવચનમાંથી.)

# સંસાર પરિભ્રમણનું કારણ અજ્ઞાન અને તે અજ્ઞાનના નાશનો ઉપાય

## વાંકાનેર શહેરમાં ચૈત્ર સુદ ૧૨ના રોજ પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી

દેહમાં રહેલ આત્મા, અનાદિઅનંત સત્, ચૈતન્યતત્ત્વ છે; તેનો અંતરસ્વભાવ સર્વજ્ઞપરમાત્મા જેવો પરિપૂર્ણ છે; જેમને સર્વજ્ઞતા પ્રગટી ગઈ છે એવા પરમાત્માની વાણી તે શાસ્ત્ર છે. તેમાં ચૈતન્યનું જે સ્વરૂપ કહ્યું છે તેની સમજણ વગર અજ્ઞાનભાવથી જીવ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે; અજ્ઞાનથી ચોરાશીના અવતારમાં પરિભ્રમણ કરતો જીવ જે અનંત દુઃખ પામી રહ્યો છે તે અજ્ઞાન આત્મસ્વરૂપની સમજણથી જ ટળે છે. 'આત્મસિદ્ધિ' ની પહેલી જ ગાથામાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–

**જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.**

અહીં પણ સમયસારની ૯૭ મી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ–જેઓ વનમાં વસનારા દિગંબર સંત હતા તેઓ–અજ્ઞાનના નાશની રીત બતાવે છે. પ્રથમ તો ચૈતન્યથી વિરૂદ્ધ ભાવ તે વિકાર છે, તેમાં એકમેકબુદ્ધિથી જે કર્તાકર્મપણું માને છે તે અજ્ઞાન છે, ને તે પરિભ્રમણનું કારણ છે; વિકારથી ભિન્ન ચૈતન્યનું ભાન થતાં, વિકાર સાથેની કર્તાકર્મની બુદ્ધિનો નાશ થાય છે;–આવું સમ્યક્ભાન તે જ અજ્ઞાનના નાશનો ઉપાય છે.

આત્મા પોતામાં અને પરમાં એકપણાની જે મિથ્યાબુદ્ધિ કરે છે તે અજ્ઞાન છે અને તે જ વિકારના કર્તાપણાનું મૂળ છે;–આમ જે જીવ સમજે છે તેને સમસ્ત પરભાવો સાથેની એકતાબુદ્ધિ છૂટી જાય છે.–આ જ અજ્ઞાનના નાશની રીત છે, ને આ જ ભવભ્રમણના દુઃખથી છૂટવાનો ઉપાય છે.

ભાઈ, આવો મનુષ્ય અવતાર પામીને આ જ કરવા જેવું છે. જો આ મનુષ્ય અવતાર પામીને પણ ચૈતન્યતત્ત્વની સમજણ ન કરી તો બધું થોથાં છે; કદાચ પુણ્ય બાંધે તો પણ તેથી ચૈતન્યને શાંતિનો કાંઈ લાભ નથી; અજ્ઞાનભાવે કદાચ પુણ્ય બાંધે તોપણ તેથી ધર્મમાં કાંઈ આગળ વધાતું નથી. પુણ્યમાં અને તેના ફળમાં જેને આત્મબુદ્ધિ છે તે જીવ વિકાર વગરના ચૈતન્યસ્વભાવનો 'આત્મભાવ' પ્રગટ કરતો નથી, પણ વિકારભાવ જ પ્રગટ કરે છે;– આવી વિકારની કર્તૃત્વબુદ્ધિ તે અજ્ઞાન છે–એમ જે જાણે છે તે જીવ તેવી કર્તૃત્વબુદ્ધિને છોડી દે છે–એટલે કે અજ્ઞાનનો તેને નાશ થઈ જાય છે.–આ જ અજ્ઞાનના નાશની રીત છે.

આત્માના સ્વભાવને ભૂલીને જે વિકારનો કર્તા થાય છે ને તેના ફળમાં (–સ્વર્ગાદિમાં) આશ્ચર્ય પામે છે તેને આચાર્યદેવ કહે છે કેઃ અરે મૂરખ! એવા ભાવો તો

અનંતકાળથી તેં કર્યા અને તેના ફળરૂપ સંયોગ પણ અનંતવાર તને મળ્યા, પણ ભવભ્રમણથી તારા નીવેડા ન આવ્યા. બાપુ! ભવભ્રમણથી તારા નીવેડા કેમ આવે તેની આ વાત છે. તારી ચૈતન્યજાત વિકારથી જુદી છે, તે પરનું કરે-એ ભ્રમણા છે, તે ભ્રમણા છોડ. પરનું ને વિકારનું કર્તૃત્વ મારામાં નથી, હું તો ચૈતન્યભાવ છું-આમ જે જાણે છે તેને, વિકાર સાથે કે પર સાથે કર્તૃત્વબુદ્ધિરૂપ અજ્ઞાન નષ્ટ થઈ જાય છે. "આવી માન્યતા તે અજ્ઞાન છે" એમ અજ્ઞાનને જે ખરેખર ઓળખે છે તેને તે અજ્ઞાન રહેતું નથી.

અરે! હું ચૈતન્ય, ને વિકાર મારું કર્મ કેમ હોય? હું પવિત્ર જ્ઞાતા, ને વિકાર મલિન-તે મારું કાર્ય કેમ હોય? ક્ષણિક દોષથી પાર મારું કાયમી ચૈતન્યતત્ત્વ નિર્દોષ છે-એમ સમજે-અંતર્મુખ થઈને જાણે-તેને અજ્ઞાન કેમ રહે? તેને વિકારની કર્તાબુદ્ધિ કેમ રહે?-ન જ રહે. તેને પોતાનો આત્મા જ્ઞાયકપણે ભાસે છે, ને વિકારનો અકર્તા પ્રતિભાસે છે.- આ અજ્ઞાનના નાશની રીત છે, એટલે આ જ મોક્ષનો પંથ છે.

ભાઈ, ચૈતન્યનો સ્વાદ તો શાંત-અનાકુળ મીઠો અમૃત જેવો છે, ને રાગાદિનો સ્વાદ તો વિકારી-આકુળતામય તૂરો છે; માટે તે વિકારના કસાયેલા સ્વાદ સાથે તારા ચૈતન્યસ્વાદની એકતા કેમ હોય? તું બંનેના સ્વાદને અજ્ઞાનપણે એકમેક માની રહ્યો છે, તે અજ્ઞાન છે. વીતરાગનાં વચનો તો વિકારથી ભિન્ન ચૈતન્યનો પરમશાંતરસ બતાવે છે.

**વચનામૃત વીતરાગનાં, પરમશાંતરસ મૂળ;**
**ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.**

**( શ્રીમદ્ રાજચંદ્ર )**

અહા, વીતરાગનાં વચનો તેના ચૈતન્યને વિકારથી જુદો પાડીને પરમશાંતરસનો અનુભવ કરાવે છે; અને એ જ ભવરોગ મટાડવાનું ઔષધ છે;-પણ પુરુષાર્થહીન કાયર જીવોને તે વાત બેસતી નથી; ચૈતન્યસ્વભાવની વાત સાંભળતાં તેના અંતરમાં ચૈતન્યવીર્યનો ઉલ્લાસ આવતો નથી, ને બહારનો વાતનો ઉલ્લાસ આવે છે. અહા, ભગવાનની વાણીમાં તો વિકારથી ભિન્ન ચૈતન્યના અપૂર્વ પુરુષાર્થની વાત છે, તે વાત જેના કાળજે બેઠી તેને ચૈતન્યના પરમશાંતરસનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. ચૈતન્ય અને વિકારના સ્વાદના ભેદજ્ઞાન વગર કદી શાંતરસનો સ્વાદ આવે નહિ ને ભવથી નીવેડો થાય નહિ. જેમ ભૂંડ ભૂંડડીમાં ને વિષ્ટાના સ્વાદમાં આનંદ માને છે, તેમ ભૂંડ જેવો અજ્ઞાની પ્રાણી રાગાદિ વિકારના સ્વાદમાં આનંદ માને છે, અરે! પોતાના ચૈતન્યના સ્વાદની તેને ખબર પણ નથી. અજ્ઞાની પણ ખરેખર કાંઈ પરવસ્તુનો સ્વાદ નથી અનુભવતો, પણ અજ્ઞાનથી પોતાના આનંદસ્વાદને ભૂલીને ફક્ત વિકારના સ્વાદને અનુભવે છે. સમ્યગ્જ્ઞાન થયે આત્માના અપૂર્વ આનંદનો સ્વાદ આવે છે. અનાદિથી જેવો વિકારનો સ્વાદ લ્યે છે તેવો જ સ્વાદ અનુભવ્યા કરે ને ધર્મ થઈ જાય એમ નથી. ધર્મ તો અપૂર્વ ચીજ છે, જ્યાં સમ્યગ્જ્ઞાન થયું ને ધર્મની શરૂઆત થઈ ત્યાં ધર્મીને ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો સિદ્ધ ભગવાન જેવો સ્વાદ આત્મામાં આવી જાય છે. આવા જ્ઞાન અને આનંદના સ્વાદ વગર કદી ભવભ્રમણથી છૂટકારો થાય નહિ; માટે આવું સમ્યગ્જ્ઞાન કરવા જેવું છે. ચૈતન્યના સ્વાદને વિકારથી ભિન્ન જાણીને, ભેદજ્ઞાનવડે આત્માના આનંદનો સ્વાદ લેવો તે ભવભ્રમણથી મુક્ત થવાનો ઉપાય છે.

# અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની




## (૪૪)
## સંપ્રદાન શક્તિ

સમકિતી ધર્માત્માને રત્નત્રયના સાધક સંતમુનિવરો પ્રત્યે એવો ભક્તિભાવ હોય છે કે તેમને જોતાં જ તેના રોમરોમ ભક્તિથી ઉલ્લસી જાય છે...અહો! આ મોક્ષના સાક્ષાત્ સાધક સંત ભગવાનને માટે હું શું-શું કરું? ? કઈ કઈ રીતે એમની સેવા કરું!! કઈ રીતે એમને અર્પણતા કરી દઉં!!–આમ ધર્મીનું હૃદય ભક્તિથી ઊછળી જાય છે. અને જ્યાં એવા સાધક મુનિ પોતાના આંગણે આહાર માટે પધારે ને આહારદાનનો પ્રસંગ બને ત્યાં તો જાણે સાક્ષાત્ ભગવાન જ આંગણે પધાર્યા..સાક્ષાત્ મોક્ષમાર્ગ જ આંગણે આવ્યો.–એમ અપાર ભક્તિથી મુનિને આહારદાન આપે.–પણ તે વખતે ય, આહાર લેનારા સાધક મુનિને તથા આહાર દેનારા સમકિતી ધર્માત્માને અંતરમાં સમ્યક્ભાન વર્તે છે કે અમારો જ્ઞાયક આત્મા આ આહારનો લેનાર કે દેનાર નથી, તેમજ નિર્દોષ આહાર લેવાની કે દેવાની શુભવૃત્તિ થાય તેનો પણ દેનાર કે પાત્ર અમારો જ્ઞાયક આત્મા નથી. અમારો જ્ઞાયક આત્મા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ ભાવોનો જ દેનાર છે ને તેના જ અમે પાત્ર છીએ.

કર્તા, કર્મ અને કરણશક્તિ વર્ણવી, હવે આત્માની સંપ્રદાન શક્તિ બતાવે છે. "પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામય સંપ્રદાન શક્તિ આત્મામાં છે." આત્માને 'જ્ઞાનસ્વરૂપ' કહીને ઓળખાવ્યો હોવા છતાં તેનામાં અનંત શક્તિઓ છે તેનું આ વર્ણન ચાલે છે. આત્માનો એવો સ્વભાવ છે કે પોતાના ભાવને પોતે જ ઝીલે છે, નિર્મળભાવ પ્રગટ કરીને પોતે પોતાને જ આપે છે. દ્રવ્યસ્વભાવમાંથી અપાતા કેવળજ્ઞાનાદિ નિર્મળભાવને ઝીલીને પોતામાં જ રાખવાની આત્માની શક્તિ છે. જેમ લૌકિક વ્યવહારમાં કુંભાર ઘડો બનાવીને રાજાને આપે ત્યાં રાજા તે ઘડાનું સંપ્રદાન કહેવાય છે; તેમ આત્માની નિર્મળ પર્યાયનું સંપ્રદાય આત્મા પોતે જ છે, આત્મા પોતે જ તેને અંગીકાર કરે છે. આત્મા પોતાની નિર્મળ પર્યાય પ્રગટ કરીને કોઈ બીજાને નથી આપતો, પણ પોતામાં જ રાખે છે, પોતે પોતાને જ નિર્મળપર્યાયનું દાન આપે છે, એવી આત્માની સંપ્રદાન શક્તિ છે.

ચિદાનંદ આત્મા દાતાર થઈને નિર્મળ પર્યાય–સમ્યગ્દર્શનાદિનું દાન આપે તે દાનને લેવાની આત્માની પાત્રતા છે. પણ રાગને કે પરને લ્યે એવી પાત્રતા આત્માના સ્વભાવમાં નથી. સમ્યગ્દર્શનાદિ ભાવોનો પોતે જ દેનાર ને પોતે જ લેનાર, એવી આત્માની સંપ્રદાન શક્તિ છે. આત્મા પોતાની ચીજ કોઈ બીજાને દેતો નથી, ને બીજાની ચીજને પોતામાં લેતો નથી. આત્મામાં આહાર ગ્રહણ કરવાની પાત્રતા છે–એમ ન કહ્યું, પણ પોતાથી દેવામાં આવતા નિર્મળ ભાવને જ લેવાની પાત્રતા છે, એમ કહ્યું છે. આહાર તો જડ પરમાણુનો બનેલો છે, તે કાંઈ આત્માથી દેવામાં આવેલો ભાવ નથી, ને તેને ગ્રહણ કરે એવી પાત્રતા આત્મામાં નથી. આત્મામાં એવી જ પાત્રતા છે કે નિર્મળભાવ જ તેમાં રહે; વિકારને કે પરને ગ્રહણ કરવાની પાત્રતા આત્માના સ્વભાવમાં નથી. જ્યાં સ્વભાવની દ્રષ્ટિ કરી ત્યાં ધર્મી જીવને એવી પાત્રતા પ્રગટી કે પોતાના સ્વભાવમાંથી દેવામાં આવતા નિર્મળભાવને જ તે ઉપેય તરીકે સ્વીકારે છે. રાગાદિને તે ઉપેય તરીકે પોતામાં ગ્રહતો નથી. હું જ દેનાર ને બીજો લેનાર, અથવા હું લેનાર ને બીજો દેનાર, એમ ધર્મી માનતા નથી; હું જ દેનાર ને હું જ લેનાર–શેનો? કે સમ્યગ્દર્શનાદિ નિર્મળ ભાવોનો.–એ રીતે ધર્મી પોતાના આત્માને જ પોતાના સંપ્રદાન તરીકે જાણે છે.

સમકિતી ધર્માત્માને રત્નત્રયના સાધક સંતમુનિવરો પ્રત્યે એવો ભક્તિભાવ હોય છે કે તેમને જોતાં જ તેના રોમરોમ ભક્તિથી ઉલ્લસી જાય છે...અહો! આ મોક્ષના સાક્ષાત્ સાધક–સંત ભગવાનને માટે હું શું–શું કરું!! કઈ કઈ રીતે એમની સેવા કરું!! કઈ રીતે એમને અર્પણતા કરી દઉં!!–એમ ધર્મીનું હૃદય ભક્તિથી ઊછળી જાય છે. અને જ્યાં એવા સાધકમુનિ પોતાના આંગણે આહાર માટે પધારે ને આહારદાનનો પ્રસંગ બને ત્યાં તો જાણે સાક્ષાત્ ભગવાન જ આંગણે પધાર્યા...સાક્ષાત્ મોક્ષમાર્ગ જ આંગણે આવ્યો!–આમ અપાર ભક્તિથી મુનિને આહારદાન આપે.–પણ તે વખતેય, આહાર લેનાર સાધક મુનિને તથા આહાર દેનાર સમકિતી ધર્માત્માને અંતરમાં દ્રષ્ટિ (–શ્રદ્ધા) કેવી હોય છે તેનું આ વર્ણન છે. તે વખતે તે બંનેના અંતરમાં એવું સમ્યક્ભાન વર્તે છે કે અમારો જ્ઞાયક આત્મા આ આહારનો દેનાર કે લેનાર નથી, તેમજ આ નિર્દોષ આહાર દેવાનો કે લેવાનો જે શુભ રાગ છે તેનો પણ દાતાર કે પાત્ર (લેનાર) અમારો જ્ઞાયક આત્મા નથી; અમારો જ્ઞાયક આત્મા તો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળભાવનો જ દેનાર છે, તેના જ અમે પાત્ર છીએ. આ રીતે અમારો આત્મા જ અમારો દાતાર છે ને અમારો આત્મા જ અમારું સંપ્રદાન છે. આવી અંતર્દ્રષ્ટિ બંનેને વર્તે છે તેનો જ ખરો મહિમા છે. આવી અંતર્દ્રષ્ટિ વગર એકલા શુભરાગથી આહારદાન દ્યે કે લ્યે તેની મોક્ષમાર્ગમાં કાંઈ ગણતરી નથી. મહાત્મા મુનિ અને ધર્માત્મા સમકિતી બંને અંતર્દ્રષ્ટિ વડે ક્ષણે ક્ષણે પોતાના સ્વભાવમાંથી નિર્મળપર્યાયનું દાન દ્યે છે ને પોતે જ પાત્ર થઈને તે લ્યે છે,–આવું દાન તે મોક્ષનું કારણ છે, ને તે ધર્મ છે. પરનો કે વિકારનો દેનાર–લેનાર આત્મા છે એમ જે માને તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે; ને એવો મિથ્યાદ્રષ્ટિ જીવ તો વ્યવહારમાં પણ 'કુપાત્ર' ગણવામાં આવે છે.

મુનિઓને કે ધર્માત્મા શ્રાવકોને આહારદાન દેવાનો ભાવ તે તો શુભરાગ છે તે પુણ્યાસ્રવનું કારણ છે, ને તેમાં તો દાતા–પાત્ર–દાન અને વિધિ એ ચારે ભિન્ન ભિન્ન છે. સમકિતી ગૃહસ્થ દાતા છે, મુનિ તે ઉત્તમ પાત્ર છે, પોતાના આહારાદિ વસ્તુ દેવી તે દાન છે ને નવધા ભક્તિ વગેરે વિધિ છે. અને અહીં આત્મા પોતે દાનનો દાતાર થઈને પોતાને જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિ–

ત્રનું દાન આપે છે, અતીન્દ્રિય આનંદરૂપી, આહાર પોત પોતાને આપે છે, તે ધર્મ છે, તે મોક્ષનું કારણ છે, ને તેમાં દાતા–પાત્ર–દાન અને વિધિ એ ચારે અભેદ છે. ભગવાન આત્મા પોતે દાતાર છે, તે દાતારવડે દેવામાં આવતી રત્નત્રયપર્યાયને લેનાર પાત્ર પણ પોતે જ છે, દેવા યોગ્ય જે નિર્મળપર્યાય તે પણ પોતાથી અભિન્ન છે, અને પોતામાં એકાગ્રતારૂપ વિધિ વડે પોતે તે દાન આપે છે તેથી તેની વિધિ પણ પોતામાં જ છે.–આત્માના આવા સંપ્રદાન સ્વભાવને જે જાણે તેનામાં એવી પાત્રતા પ્રગટે કે પોતાના સ્વભાવ પાસેથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનાં દાન લ્યે. પોતાના સ્વભાવથી દેવામાં આવતું આવું દાન લેવાનો જ આત્માનો સ્વભાવ છે. આ સિવાય બહારમાં આહાર દેવા–લેવાની ક્રિયા તો પરમાણુઓના પરાવર્તનના નિયમ અનુસાર થયા કરે છે, ને તે તે વખતની ભૂમિકા અનુસાર તે તે પ્રકારનો શુભભાવ પણ ધર્મીને આવે છે. પણ ધર્મી પોતાને તે રાગનું કે આહારનું સંપ્રદાન નથી માનતો, તે તો સમ્યગ્દર્શનાદિ નિર્મળ ભાવોના સંપ્રદાનપણે જ પરિણમે છે, ને તે જ ધર્મ છે.

ચૈતન્યસ્વરૂપ આત્માના ભાન વગર, આહારની ક્રિયાને અને રાગને આત્માનું સ્વરૂપ માનીને, શુભભાવથી આહાર આપે તો ત્યાં મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય છે, તેનાથી પરીત–સંસાર નથી થતો પણ જુગલીયા–ભોગભૂમિમાં અવતાર થાય છે. અહીં તો જેનાથી સંસારનો અંત આવે ને મોક્ષની પ્રાપ્તિ થાય એવા ધર્મની વાત છે. અજ્ઞાની ઘડીએ ઘડીએ (–પર્યાયે પર્યાયે) પોતાના સ્વભાવને ભૂલીને મિથ્યાત્વભાવથી વિકારને જ પ્રાપ્ત કરે છે; ધર્માત્મા જ્ઞાની તો પોતાના સ્વભાવને ઓળખીને તેમાંથી ઘડીએ–ઘડીએ ક્ષણે–ક્ષણે પર્યાયે–પર્યાયે નિર્મળ ભાવને જ લ્યે છે. નિર્મળ પર્યાયને દેવાની અને તેને જ લેવાની આત્માની સંપ્રદાનશક્તિ છે; પર વસ્તુનું કાંઈ લેવાની કે પરને કાંઈ દેવાની તાકાત આત્મામાં–દ્રવ્યમાં ગુણમાં કે પર્યાયમાં નથી. અને રાગનો દેનાર કે રાગનો લેનાર એવો પણ આત્માનો સ્વભાવ નથી. પર્યાયમાં ક્ષણિક રાગાદિ થાય તેને જ ગ્રહણ કરનારો પોતાને જે માને તે પોતાના સંપ્રદાન–સ્વભાવને જાણતો નથી. ભાઈ, તારો સ્વભાવ પરિણમીને તને કેવળજ્ઞાન આપે અને તેને તું લે એવા સંપ્રદાનની તાકાતવાળો તારો આત્મા છે. અજ્ઞાનીએ પોતાના આત્માને એવો માન્યો છે કે જાણે તે રાગનું જ પાત્ર હોય! તેને સમજાવે છે કે અરે ભગવાન! તારા આત્મામાં તો રાગને તોડીને પોતે કેવળજ્ઞાનનું પાત્ર થાય એવી તાકાત છે...તેને ઓળખ.

જેમ કોઈ ગરીબ હોય ને તેને મોટું રાજ મળવાનો પ્રસંગ આવે, ત્યાં તે એમ કહે કે ‘અરે! અમે તો ગરીબ, અમારામાં રાજને લેવાની કે રાજા થવાની પાત્રતા ક્યાંથી હોય?’–તો તે પુણ્યહીન છે. અને જે પુણ્યવાન છે તે તો તરત જ સ્વીકાર કરે છે કે અમે રાજા થવાને પાત્ર છીએ, અમારી તાકાતથી અમે રાજ ચલાવશું. તેમ અહીં ગરીબ એટલે કે અજ્ઞાની જીવને તેનું ચૈતન્યરાજ મળવાની વાત આચાર્યદેવ સંભળાવે છે કે ‘અરે જીવ! તારામાં કેવળજ્ઞાનપદનું સંપ્રદાન થવાની તાકાત છે, જ્ઞાનસામ્રાજ્યને મેળવીને તેને સંભાળવાની તારી તાકાત છે.’ ત્યાં જે એમ કહે કે ‘અરે! અમે તો અજ્ઞાની–પાપમાં ડુબેલા, અમારામાં કેળવજ્ઞાન લેવાની ને પરમાત્મા થવાની પાત્રતા ક્યાંથી હોય?’–તો તે જીવ પુરુષાર્થહીન છે; અને જે પુરુષાર્થવાન છે–આત્માનો ઉલ્લાસી છે, તે તો એ વાત સાંભળતાં તરત જ સ્વીકાર કરે છે કે અહો! અમારો આત્મા કેવળજ્ઞાન લેવાનો પાત્ર છે, કેવળજ્ઞાન સામ્રાજ્યને ઝીલવાની અમારી પર્યાયમાં તાકાત છે, અમારી તાકાતથી અમે કેવળજ્ઞાનને લેશું.–આમ આત્મસ્વભાવનો ભરોસો કરીને તેમાં લીન થઈને ધર્મી પોતાના આત્માને કેવળજ્ઞાન વગેરેના સંપ્રદાનરૂપે પરિણમાવે છે. બધાય જીવોમાં આવી તાકાત છે, જે તેને સ્વીકારે છે તેને તેનું પરિણમન થાય છે,–‘સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય’ એની જેમ.

આ તો કોઈ પણ પ્રકારે જેને આત્માનું હિત સાધવું છે એવા જીવને સમજાય તેવી વાત છે. ગમે તેવા ઊંચા ભોજન હોય પણ જેને ભૂખ ન લાગી હોય તેને તે કેમ ભાવે? ખરેખરી ભૂખ લાગી હોય તેને તે ભાવે. તેમ ભવથી થાકીને આત્માની ભૂખ જેને નથી લાગી તેને તો, આત્માના આનંદની આ અપૂર્વ વાત સમજવામાં પણ રસ નથી આવતો. પણ જે જીવ ભવદુઃખથી થાકી ગયો છે, અરેરે! આ આત્મા હવે ભવદુઃખથી છૂટીને ચૈતન્યની શાંતિ ક્યારે પામે!–એમ જેને આત્મશાંતિની તીવ્ર ભૂખ લાગી છે, તે તો અપૂર્વ રુચિથી શ્રવણ કરીને જરૂર આ વાત સમજી જાય છે,

ને આ સમજવાથી જરૂર તેના ભવના થાક ઊતરી જાય છે, જરૂર તેની ભૂખ ભાંખી જાય છે ને આત્માની અપૂર્વ શાંતિનો અનુભવ થાય છે. ભવનો જેને થાક લાગ્યો હોય ને આત્માના સુખની ભૂખ જાગી હોય તે ભૂખ્યાને માટે આ સુખડી છે; આ સુખડીથી અનંત ભવની ભૂખડી ભાંગી જાય છે, ને અપૂર્વ સુખની પ્રાપ્તિ થાય છે.

આત્મામાં એવી સંપ્રદાનશક્તિ છે કે પોતે દેનાર છે, ને પોતે જ લેનાર છે. આત્મા દાતાર થઈને શું આપે? આત્માના સ્વભાવમાં જે હોય તે આપે; આત્માના સ્વભાવમાં કાંઈ વિકાર નથી ભર્યો કે તે વિકાર આપે. આત્માના સ્વભાવમાં તો જ્ઞાન–આનંદ જ ભર્યા છે તેથી તે જ્ઞાન–આનંદનો જ દાતાર છે; અને આત્મા પોતે જ તેનો લેનાર છે. આત્માનો આવો આનંદસ્વભાવ સંતો બતાવે છે, તેથી નિમિત્ત તરીકે સંતો આનંદના દાતાર છે. વીરસેનાચાર્યદેવ કહે છે કે આ મહાન પરમાગમોદ્વારા શ્રી સર્વજ્ઞદેવે જીવોને આનંદનું ભેટણું આપ્યું છે...સર્વજ્ઞના શાસ્ત્રમાં આનંદની પ્રાપ્તિનો માર્ગ દર્શાવ્યો છે તેથી કહ્યું કે ભગવાને જ આનંદની ભેટ આપી છે. ભગવાનના કહેલા શાસ્ત્રોનો અંતરઆશય સમજે તેને અતીન્દ્રિયઆનંદની પ્રાપ્તિ થયા વગર રહે નહિ.

આત્માને આનંદ જોઈએ છે. તે આનંદ દેવાની તાકાત આત્મામાં જ છે; રાગમાં આનંદ દેવાની તાકાત નથી, તેનામાં તો દુઃખ દેવાની તાકાત છે; આઈસ્ક્રીમ, ગુલાબજાંબુ, ચા, સ્ત્રી, સુગંધ વગેરેમાં એવી તાકાત નથી કે આત્માને આનંદ આપે. મૂઢ જીવોએ મૂર્ખતાથી જ તેમાં આનંદ માન્યો છે. આત્માના આનંદને જે જાણે તે બીજે ક્ય ાંય આનંદ માને નહિ, અને જેમાં આનંદ માને નહિ તેને તે લ્યે પણ નહિ. આ રીતે આત્મા પાત્ર થઈને રાગનો કે પરનો લેનાર નથી પણ પોતાના સ્વભાવમાંથી દેવામાં આવતા આનંદનો જ લેનાર છે. માટે જ્ઞાન સ્વભાવની દ્રષ્ટિમાં જ્ઞાનીના બધાય ભાવો જ્ઞાન–આનંદમય જ હોય છે, રાગાદિ તે ખરેખર જ્ઞાનભાવ નથી, તે તો જ્ઞાનથી ભિન્ન જ્ઞેય છે, જ્ઞાની તેનો જાણનાર છે, પણ પોતાના આત્માને તે રાગનું સંપ્રદાન બનાવતો નથી, જ્ઞાન–આનંદનું જ સંપ્રદાન બનાવે છે, તેને જ લ્યે છે, તે–રૂપે જ પરિણમે છે. આ રીતે સંપ્રદાન શક્તિથી આત્મા પોતે જ સમ્યગ્દર્શનાદિનો દાતાર ને પોતે જ તેનો લેનાર છે; બીજાું કોઈ તેનું સંપ્રદાન નથી તેમજ તે બીજા કોઈનો સંપ્રદાન નથી.–આત્માની આવી શક્તિને ઓળખતાં આત્મા ઓળખાય છે ને ધર્મ થાય છે.

જેમ રૂા. વ્યાજે મૂકવા હોય તો એવા સદ્ધર ઠેકાણે મૂકે છે કે જ્યાં મૂડી વધીને વ્યાજ સહિત પાછી આવે. તેમ આત્માના શ્રદ્ધા–જ્ઞાનને ક્યાં મૂકવા–ક્યાં એકાગ્ર કરવા કે જેથી તે વધીને પાછા મળે! ‘શરીર તે હું, રાગાદિ તે હું’ એમ જો શ્રદ્ધા–જ્ઞાનને પરમાં કે વિકારમાં મૂકે તો તો તેનો નાશ થઈ જાય છે–તે મિથ્યા થઈ જાય છે. પોતાનો ચિદાનંદ સ્વભાવ જ એવો સદ્ધર છે કે તેમાં શ્રદ્ધા–જ્ઞાન મૂકતાં તે સમ્યક થાય છે, ને તેના આશ્રયે ક્ષણેક્ષણે નિર્મળતા વધતી જાય છે, માટે ધર્મી પોતાના શ્રદ્ધા–જ્ઞાન પરને સમર્પણ નથી કરતા, પોતે પોતાના આત્માને જ સમર્પણ કરે છે.

હે જીવ! તારે આનંદ જોઈતો હોય તો તારા સ્વભાવ પાસે જ તે માગ. જેની પાસે જે હોય તે–તેને આપે. તારો આનંદ તારા સ્વભાવની પાસે જ છે તેથી તે જ તેનો દાતાર છે. બીજે ક્યાંય તારો આનંદ નથી. આત્મામાં એકાગ્ર થઈને તારી પાસેથી જ તારો આનંદ લે. સ્વભાવમાં એકાગ્ર થતાં પર્યાય પોતે આનંદરૂપ પરિણમી જાય છે, એટલે આત્માએ આનંદ દીધો અને આત્માએ આનંદ લીધો–એમ કહેવાય છે, પરંતુ દેનાર ને લેનાર કાંઈ જાુદા નથી.

આત્મા એક પરમમહિમાવંત પદાર્થ છે. તેનામાં જ્ઞાન–દર્શન–સુખ–વીર્ય–આનંદ વગેરે અનંત શક્તિઓ છે. પોતાથી ભિન્ન પદાર્થોનો આત્મા માત્ર દ્રષ્ટા જ છે, ને તે પદાર્થો તેનું માત્ર દ્રશ્ય જ છે; દ્રષ્ટા આત્મા તે દ્રશ્ય પદાર્થોનો માત્ર દેખનાર જ છે પણ તેનો લેનાર–દેનાર નથી,–જેમ આંખ બહારના દ્રશ્યોની માત્ર દેખનારી જ છે, તેની લેનારી કે દેનારી નથી તેમ.

હવે દ્રષ્ટાસ્વભાવમાં એકાગ્રતાવડે રાગાદિની ઉત્પત્તિ પણ થતી નથી, તેથી દ્રષ્ટા–ભગવાન રાગાદિનો પણ દેનાર કે લેનાર નથી.

દ્રષ્ટા સ્વભાવમાં એકાગ્રતાથી તો વીતરાગી જ્ઞાન–દર્શન–આનંદની જ ઉત્પત્તિ થાય છે, તેથી દ્રષ્ટા–ભગવાન–જ્ઞાન–દર્શન–આનંદનો જ દેનાર છે ને તેનો જ લેનાર છે.

–આટલું રહસ્ય આ સંપ્રદાનશક્તિમાં ભર્યું છે. અનંતશક્તિવાળા એકાકાર આત્મામાં એક ગુણનો કે

પર્યાયનો ભેદ પાડીને લક્ષમાં લેતાં રાગનો વિકલ્પ થાય છે, ને તેમાં સ્વરૂપનું દાન મળતું નથી. સ્વરૂપનું દાન લેવા માટે સ્વરૂપની સન્મુખ થવું જોઈએ. ચિદાનંદ સ્વભાવની સન્મુખ થઈને લીન થતાં સ્વરૂપના શ્રદ્ધા–જ્ઞાન–આનંદ વગેરેનું દાન મળે છે; અને તે દાનનો લેનાર આત્મા જ છે એટલે આત્મા પોતે જ તે સ્વરૂપે થઈ જાય છે.–આવો આત્માનો સ્વભાવ છે.

**પ્રશ્નઃ-** આત્મા ક્યાં હશે ?

**ઉત્તરઃ-** જ્યાંથી આવો પ્રશ્ન ઊઠે છે ત્યાં જ આત્મા છે. 'આત્મા ક્યાં હશે ?' એવો પ્રશ્ન પૂછનાર પોતે જ આત્મા છે. આત્મા વિના એ પ્રશ્ન કોણ પૂછે ? આત્માની ભૂમિકામાં જ એ પ્રશ્ન ઊઠે છે.

વળી 'આત્મા ક્યાં હશે ?' એમ પ્રશ્ન પૂછ્યો તેમાં જ એ વાત આવી જાય છે કે તેનો ઉત્તર સમજવાની તાકાત પોતામાં છે.

'આત્મા ક્યાં હશે ?' તે પ્રશ્નના ઉત્તરમાં જ્ઞાની એમ કહે છે કે "આ જે જાણનાર–દેખનાર છે તે જ આત્મા છે,"–અને પ્રશ્ન પૂછનારને આવો ઉત્તર લક્ષમાં આવે છે કે જ્ઞાનીએ મને આમ કહ્યું; જે જ્ઞાનવડે તે લક્ષમાં આવે છે તે જ્ઞાનમાં જ આત્મા છે, માટે હે ભાઈ ! તું પોતે જ આત્મા છો; માટે તારા જ્ઞાનમાં જ આત્માને શોધ. આ દેહ તે તું નથી, દેહમાં શોધ્યે આત્મા નહિ મળે. દેહ તો જડ, રૂપી અને દૃશ્ય છે, તેનાથી જુદો ચેતન, અરૂપી અને દૃષ્ટા આત્મા છે; દેહ વિનાશી છે, આત્મા અવિનાશી છે; દેહ ઇન્દ્રિયગોચર છે, આત્મા ઇન્દ્રિયગોચર નથી પણ અતીન્દ્રિય છે; દેહ સંયોગી કૃત્રિમ વસ્તુ છે, આત્મા અસંયોગી સ્વાભાવિક વસ્તુ છે. બધાયને જાણનાર 'આ જાણનારો હું જ છું'–એમ પોતાને નથી જાણતો–એ આશ્ચર્ય છે !! જાણનાર પોતે પોતાને જ નથી જાણતો, પોતે પોતાને જ ભૂલી જાય છે, એ એક મોટી ભ્રમણા છે, ને તે ભ્રમણાને લીધે જ સંસારદુઃખ છે.

એક વાર દસ મૂર્ખાઓ એક ગામથી બીજે ગામ જતા હતા. રસ્તામાં એક નદી આવી; નદી પાર કરીને સામે કાંઠે આવ્યા, ત્યાં એક માણસ બોલ્યો કે આપણામાંથી કોઈ ડૂબી તો નથી ગયું ને ?–ચાલો સંખ્યા ગણી જોઈએ. એમ કહીને સંખ્યા ગણવા માંડી–'એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ ને નવ !' તરત જ તેને ધ્રાસકો પડયો કે અરર ! આપણામાંથી એક જણ ડૂબી ગયો ! પછી બીજો મૂર્ખો ગણવા ઊભો થયો. એમ એક પછી એક બધાય મૂરખાઓએ ગણ્યા, તો નવ જ થયા.–કેમકે દરેક ગણનારો પોતે પોતાને જ ગણતાં ભૂલી જતો હતો. બધા ભેગા થઈને વિમાસણમાં પડી ગયા કે એક જણ ડૂબી ગયો, હવે શું કરવું ? તેઓ ગડમથલ કરતા હતા ત્યાં કોઈ ડાહ્યો મુસાફર ત્યાંથી નીકળ્યો, તે આ મૂરખાઓની ગડમથલનું કારણ સમજી ગયો, અને કહ્યુંઃ ભાઈઓ ! ધીરા થાઓ..શાંત થાઓ..તમારામાંથી કોઈ ખોવાણું નથી...ચાલો, બધા એક સાથે લાઈનમાં ઊભા રહો..જુઓ...આ એક...આ બે...આ ત્રણ...ચાર...પાંચ...છ.. સાત...આઠ...નવ ને આ...દસ ! તમે દસેદસ પૂરેપૂરા છો...એ જાણીને મૂરખાઓની ભ્રમણા ટળી ને શાંતિ થઈ. તેમને ખ્યાલ આવ્યો કે અરે ! પોતે પોતાને જ ગણતા ભૂલી જતા હતા તેથી 'નવ' થતા હતા ને એક જણ ખોવાઈ જવાની ભ્રમણા થઈ હતી, એટલે 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.'

તે દસ મૂરખાઓની જેમ અજ્ઞાની જીવો પોતે પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. આ શરીર, આ રાગ–એમ લક્ષમાં લ્યે છે, પણ તેને જાણનારો હું જ્ઞાયક છું–એમ પોતે પોતાને સ્વસંવેદનથી લક્ષમાં લેતો નથી; તેથી રાગાદિમાં ને શરીરાદિમાં જ પોતાપણાની ભ્રાંતિથી તે હેરાન થાય છે. જ્ઞાની તેને તેનું સ્વરૂપ બતાવતાં કહે છે કે અરે જીવ ! તું શાંત થા...ધીરો થા...ને ધીરો થઈને તારા અંતરમાં જો...તારું આનંદસ્વરૂપ તો રાગથી ને દેહથી અત્યંત ભિન્ન જ્ઞાન ને આનંદસ્વરૂપ જ છે. એ પ્રમાણે અંતર્મુખ થઈને આત્માને જાણતાં જ ભ્રમણા ટળીને જીવ આનંદિત થાય છે. ત્યારે તેને એમ પણ થાય છે કે અરે ! અત્યાર સુધી મારા પોતાના જ અસ્તિત્વને ભૂલીને હું ભ્રમણાથી દુઃખી થયો, 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.'

(દૃષ્ટાંતમાં મૂરખાઓ દસ હતા ને ડાહ્યો એક હતો; તેમ જગતમાં અજ્ઞાની જીવો ઘણા છે, ને જ્ઞાની તો કોઈ વિરલ જ હોય છે.)

અજ્ઞાની પોતાના આત્માને ભૂલીને પરમાં આત્મા શોધે છે; પણ પરમાં તો આત્માનો અભાવ છે. અહીં

તો કહે છે કે રાગમાં પણ આત્માનો અભાવ છે. રાગાદિ રહિત સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયોમાં જ આત્માનો સદ્ભાવ છે, કેમકે નિર્મળ પર્યાય જ આત્માના સ્વભાવ સાથે અભેદ થાય છે, રાગ કે શરીર સાથે આત્માની અભેદતા નથી. રાગ સંપ્રદાન થઈને આત્માના સમ્યગ્દર્શનાદિને ધારી રાખે, કે આત્મા સંપ્રદાન થઈને રાગને ધારી રાખે-એમ નથી; એ જ પ્રમાણે આત્મા સંપ્રદાન થઈને શરીરને ધારી રાખે, કે શરીર સંપ્રદાન થઈને આત્માને ધારી રાખે-એમ પણ નથી. આત્મા સંપ્રદાન થઈને પોતાની નિર્મળ પર્યાયને ધારી રાખે છે. આવા આત્માને સમજ્યા વગર સુખ થતું નથી. આવા આત્મસ્વભાવને સમજવો તે જ જન્મમરણના દુઃખથી છૂટીને સુખી થવાનો રસ્તો છે. અંતરના અચિંત્ય રસ્તા જ્ઞાનીઓએ પ્રગટ કરીને બતાવ્યા છે...અહો! મુક્તિના માર્ગ સંતોએ સુગમ કરી દીધા છે. સંતોની બલિહારી છે!!

જેમ તીર્થંકર ભગવાનના દિવ્યધ્વનિને ઝીલનારા ઉત્કૃષ્ટ પાત્ર ગણધરદેવ છે, તેમ ચૈતન્ય પ્રભુના કેવળજ્ઞાનાદિ નિર્મળભાવોને ઝીલવાની પાત્રતા આત્મામાં જ છે. આત્મા પોતે જ પોતાના નિર્મળ ભાવોને લેવાના પાત્રરૂપ સંપ્રદાન છે. આત્માના ધર્મને રહેવા માટે રાગાદિ કે શરીર તે સંપ્રદાન નથી, તેમ જ આત્મા તે રાગાદિનું સંપ્રદાન નથી. જેમ આંબો તો કેરી જ આપે, આંબો કાંઈ આકોલીયા ન આપે; કેમકે આંબો કેરીનું જ સંપ્રદાન છે, આકોલીયાનું સંપ્રદાન આંબો નથી; તેમ આત્મામાં એકાગ્ર થતાં આત્મા તો નિર્મળ પર્યાયો જ આપે, આત્મા કાંઈ વિકાર ન આપે, કેમકે આત્મામાં નિર્મળ પર્યાયોનું જ સંપ્રદાન થવાનો સ્વભાવ છે, વિકારનું સંપ્રદાન થવાનો આત્માનો સ્વભાવ નથી. આ રીતે નિર્મળ પર્યાયને જ આપે ને તેને જ લ્યે એવો આત્માનો સ્વભાવ છે. એ પ્રમાણે જ્ઞાન-આનંદ વગેરે બધાય ગુણોમાં પણ એવો સ્વભાવ છે કે પોતપોતાના સ્વભાવથી નિર્મળ પર્યાય જ આપે, ને તેને જ પોતે લ્યે.

જે જ્ઞાનનો ઉઘાડ એકલા પરલક્ષે જ કામ કરે તે જ્ઞાન મિથ્યા છે, તે મિથ્યાજ્ઞાન ખરેખર જ્ઞાનસ્વભાવે દીધેલું નથી, તેમ જ જ્ઞાનસ્વભાવ તેનો પાત્ર (લેનાર) પણ નથી. સ્વજ્ઞેયને પકડીને કેવળજ્ઞાનાદિરૂપે પરિણમે તે સમ્યગ્જ્ઞાન છે, એવું જ્ઞાન દેવાનો ને તેને જ લેવાનો આત્માના જ્ઞાનગુણનો સ્વભાવ છે. વાણી તો જડ છે, તે વાણીદ્વારા જ્ઞાન દેવાતું નથી કે જ્ઞાન તેને લેતું નથી, તેમ જ તે વાણી તરફના વિકલ્પદ્વારા પણ જ્ઞાન દેવાતું નથી કે જ્ઞાન તે વિકલ્પને લેતું નથી. આત્મા પોતે જ પોતાના જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન આપે છે, ને તે નિર્મળ જ્ઞાનને જ લેવાનો જ્ઞાનગુણનો સ્વભાવ છે. આ સિવાય અજ્ઞાન સાથે જ્ઞાનસ્વભાવને કાંઈ લેવા-દેવા નથી. આત્મા સાથે અભેદપણું કરીને જે જ્ઞાન પ્રગટયું તેની સાથે જ આત્માને લેવાદેવા છે, તે જ્ઞાન ટકીને કેવળજ્ઞાન થઈ જશે. એકલા પરાશ્રયે વર્તતું જ્ઞાન આત્મા સાથે ટકી નહિ શકે, તે હણાઈ જશે. માટે હે ભાઈ! જો તારે તારા જ્ઞાનને ટકાવવું હોય-વિકસાવવું હોય તો આત્મામાં તેને સમર્પણ કર! જેમ સર્વજ્ઞભગવાન પાસે જઈને अर्घं समर्पयामि स्वाहा કરે છે, તેમ આ સર્વજ્ઞસ્વભાવી આત્મા પાસે જઈને-તેમાં જ અંતર્મુખ થઈને-ज्ञानं समर्पयामि स्वाहा કર, તો તને સર્વજ્ઞતા પ્રગટી જશે. તે સર્વજ્ઞતાને દેવાનો ને તે સર્વજ્ઞતાને લઈને તેનું સંપ્રદાન થવાનો તારા જ્ઞાનગુણનો સ્વભાવ છે.

જ્ઞાનની જેમ શ્રદ્ધાગુણમાં પણ એવો જ સ્વભાવ છે કે સમ્યગ્દર્શનરૂપ ભાવને આપે, અને પોતે જ તેને લ્યે;- એટલે તેનું સંપ્રદાન થાય. પણ મિથ્યાશ્રદ્ધા આપે કે લ્યે એવો શ્રદ્ધાગુણનો સ્વભાવ નથી. સ્વસન્મુખ થઈને આત્મસ્વભાવની શ્રદ્ધા કરી તે દેવા-લેવાનો સ્વભાવ હોવાથી આત્મા સાથે સદાય ટકી રહેશે; અર્થાત્ શ્રદ્ધાગુણ સદાય સમ્યક્ત્વ પર્યાય આપ્યા જ કરે છે ને પોતે સંપ્રદાન થઈને તેને લીધા જ કરશે.

એ જ પ્રમાણે, જ્ઞાન અને શ્રદ્ધાની જેમ ચારિત્રગુણનો પણ એવો જ સંપ્રદાન સ્વભાવ છે કે પોતાના અનાકુળ શાંત ભાવને આપે ને તેને જ પોતે લ્યે. એ સિવાય શાંતિથી વિપરીત આકુળતા-રાગ-દ્વેષરૂપ ભાવને દેવાનું કે લેવાનું ચારિત્રગુણનું સ્વરૂપ નથી. તે રાગાદિભાવો આત્મા સાથે અભેદ થઈને ટકતા નથી, ને શાંત અ-રાગભાવ તો આત્મામાં લીનતા કરીને ટકે છે.

વળી આનંદનો પણ એવો જ સ્વભાવ છે કે પોતે પોતાને આનંદ આપે ને પોતે જ સંપ્રદાન થઈને તે લ્યે, પણ પરચીજમાંથી આનંદ લ્યે, એવું આનંદગુણનું સ્વરૂપ નથી. તેમ જ આનંદગુણનું એવું સ્વરૂપ નથી કે તે દુઃખ આપે કે દુઃખ લ્યે. દુઃખનું સંપ્રદાન થવાનો તેનો સ્વભાવ જ નથી.

(આ જ્ઞાન–શ્રદ્ધા–ચારિત્ર ને આનંદની જેમ પુરુષાર્થ વગેરે બધા ગુણોમાં સમજી લેવું.)

'અહો! હું જ દાતાર થઈને મારા આત્માને સદાય આનંદ આપ્યા જ કરું, ને હું જ સંપ્રદાન થઈને સદાય આનંદ લીધા જ કરું–આવો મારો સ્વભાવ છે'–એમ જ્યાં શ્રદ્ધા થઈ ત્યાં પોતાના સ્વભાવના આનંદનું વેદન થયું, ને બાહ્યમાં ક્યાંય પણ આનંદની કલ્પના સ્વપ્નેય ન રહી. પોતે જ દાતાર થઈને પોતાને આનંદ દીધો, ને પોતે જ લેનાર થઈને પોતાનો આનંદ લીધો; તેથી તે આનંદ સદાય ટકી જ રહેશે, અર્થાત્ આત્મા સદાય પોતાને આનંદ દીધા જ કરશે ને પોતે તે સદાય લીધા જ કરશે. માટે હે જીવ! જો તારે આનંદ જોઈતો હોય તો આનંદના દાતાર એવા તારા આત્મા પાસે જ જા. ત્યાંથી જ તને આનંદ મળશે, એ સિવાય જગતમાં બીજે ક્યાંયથી તને આનંદ નહિ મળે.

આત્મા પોતે નિર્મળ પર્યાયોનો દાતાર છે ને પોતે જ તેનો લેનાર છે, આવો આત્માનો સંપ્રદાન સ્વભાવ છે; તે સમજાવવા માટે અહીં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર તથા આનંદગુણની જુદી જુદી વાત લીધી છે. પણ એ ધ્યાન રાખવું કે એકેક ગુણના ભેદના લક્ષે નિર્મળતા થતી નથી. આત્મા તો એક સાથે અનંતગુણનો પિંડ છે, તેના જ લક્ષે બધા ગુણોની નિર્મળ દશા થાય છે; એક શક્તિને જુદી પાડીને તેના લક્ષે વિકાસ કરવા માગે તો તેનો વિકાસ થતો નથી, ત્યાં તો માત્ર વિકલ્પ થાય છે. તે વિકલ્પમાં એવી તાકાત નથી કે કોઈ ગુણની નિર્મળ દશા આપે. અખંડ આત્મસ્વભાવમાં જ એવી તાકાત છે કે અનંતગુણોથી ભરેલી પરમાત્મદશાને આપે.

અહો! મારો આત્મા અનંત અનંત શક્તિનો ભંડાર અનાદિઅનંત છે. જ્યારે હું પાત્ર થઈને લઉં ત્યારે મને મારી પરમાત્મદશા આપે એવો તે ઉદાર દાતાર છે.–આવા નિજસ્વભાવની, હે જીવો! તમે પ્રતીત તો કરો...તેની ઓળખાણ તો કરો...તેના પ્રત્યે ઉલ્લાસ તો કરો! આવા ચૈતન્યસ્વભાવને જેણે લક્ષમાં લીધો તેનું જીવન સફળ છે.– બાકી બીજાનું તો શું કહેવું?

આત્મા પોતે જ પોતાને સુખનો દાતાર છે. જો આત્મા પોતે જ પોતાને સુખનો દાતાર ન હોય ને બીજા પાસેથી સુખ માગવું પડતું હોય તો તો પરાધીનતા થઈ, પરાધીનતામાં તો સ્વપ્નેય સુખ ક્યાંથી હોય? સ્વાધીનપણે આત્મા પોતે જ પોતાને સુખનો દાતાર છે, ને પોતે જ પાત્ર થઈને લેનાર છે.

(૧) 'પાત્રે દાન દેવું'–પાત્ર કોણ છે જગતમાં? હું આત્મા પોતે જ મારું સુખ લેવાને પાત્ર છું.

(૨) 'દાતાર છે કોઈ?'–હા અનંતશક્તિથી ભરેલો હું પોતે જ દાતાર છું.

(૩) 'દાતાર દાનમાં શું દેશે?' મારો આત્મા દાતાર થઈને જ્ઞાન–દર્શન–આનંદરૂપ નિર્મળ પર્યાયોનું દાન દેશે.

(૪) કઈ વિધિથી દાન દેશે?–પોતાથી જ દેશે, એટલે કે પોતે પોતાના સ્વરૂપમાં એકાગ્ર રહીને સ્વરૂપ–ભંડારમાંથી જ નિર્મળ પર્યાયો કાઢી કાઢીને તેનું દાન દેશે.

દાન દેવાનો અવસર આવે ત્યાં દાતાર છૂપે નહિ, તેમ હે જીવ! તારે આ દાનનો અવસર આવ્યો છે, તેને તું ચૂકીશ નહિ. તું પોતે પાત્ર થઈને, અને તું પોતે જ દાતાર થઈને, જ્ઞાન–દર્શન–આનંદની નિર્મળ પર્યાયોનું દાન, અંતરમાં એકાગ્ર થઈને આપ અને સંપ્રદાન થઈને તે દાન તું લે. અનંત શક્તિથી પરિપૂર્ણ ચૈતન્ય સ્વભાવ જેવો મોટો દાતાર મળ્યો, તો હવે તેની સેવા (શ્રદ્ધા અને એકાગ્રતા) કરીને પરમાત્મદશાનાં દાન માંગ, તો તને તારી પરમાત્મદશાનાં દાન મળી જાય. તે પરમાત્મદશા લઈને તેનું સંપ્રદાન થવાનો તારો સ્વભાવ છે.

મારા સ્વભાવને સાધીને હું પરમાત્મા થાઉં–એવી ભાવનાને બદલે, 'હું સમજીને પછી બીજાને સમજાવું' એમ બીજાને સમજાવવાના અભિપ્રાયથી જે સમજવા માંગે છે તે પોતાની સમજણનું સંપ્રદાન પરને માને છે એટલે અંતર્મુખ થઈને પોતાના સ્વભાવને તે સાધી શકતો નથી. જે આત્માર્થી છે તે તો પોતપોતાના હિતને માટે જ સમજવા માંગે છે.

અહો! અનંતકાળે માંડ માંડ મળે એવા આ ટાણાં આવ્યા છે, તેમાં ગુરુગમે સત્ સ્વભાવનું શ્રવણ મળવું તો મહાદુર્લભ છે. આવા અવસરમાં અપૂર્વ ભાવે શ્રવણ, ગ્રહણ ને ધારણ કરીને સ્વભાવમાં પહોંચી જવાની આ વાત છે, એ જ કરવા જેવું છે. એના સિવાય બીજું તો બધુંય ઊકરડા ઊથામવા જેવું થોથે–થોથા છે.

ભગવાન આત્માનું વાસ્તવિક સ્વરૂપ ઓળખાવવા માટે તેની શક્તિઓનું આ વર્ણન ચાલે છે; તેમાં આ (૪૪ મી) સંપ્રદાન શક્તિમાં આત્માને સુપાત્ર ઠરાવ્યો,

–શેનો? કે સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદનો. તે સમ્યગ્દર્શનાદિનો દાતાર પણ આત્મા જ છે, ને પાત્ર થઈને તેને લેનાર પણ આત્મા જ છે. જુઓ, આ દાતારે સુપાત્રદાન દીધું. અહો! આત્માના અતીન્દ્રિય આનંદનાં દાન! એના કરતાં બીજાું કયું શ્રેષ્ઠ દાન હોય? નિર્મળ જ્ઞાન–આનંદમય પર્યાય પ્રગટે તેનો દાતાર પણ પોતે, તે લેનાર પણ પોતે જ,–આવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે.

વાહ! મારો આત્મા જ મોટો દાતાર છે ને મારો આત્મા જ મોટો પાત્ર છે. કેવળજ્ઞાન આપે ને કેવળજ્ઞાનને ઝીલે એવી શક્તિ મારા આત્માની છે. મારું દ્રવ્ય જ દાતાર...ને દ્રવ્ય પોતે જ લેનાર.–આમ નક્કી કરીને હે જીવ! તારા દ્રવ્ય સામે જો..તો તને આનંદના નિધાનનું દાન મળે.

આહાર, ઔષધ, પુસ્તકો કે પૈસા વગેરે પરવસ્તુઓનો દેનાર કે લેનાર આત્મા નથી, રાગાદિ વિકાર ભાવોને આપે કે લ્યે–એવો પણ આત્માનો સ્વભાવ નથી; વીતરાગી આનંદને જ આપે અને લ્યે એવો આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવને સાધતા સાધકને કષાયોની અતિશય મંદતા સહેજે થઈ જાય છે, પણ તે મંદ કષાયના ભાવને પણ દેવાનો કે લેવાનો પોતાનો સ્વભાવ માનતા નથી, સ્વભાવના આશ્રયે જે અકષાયી–વીતરાગી ભાવ થયા છે તેનો જ દેનાર ને તેનો જ લેનાર પોતાનો આત્મા છે એમ સાધકધર્મી જાણે છે. ત્રિકાળી સ્વભાવ તો રાગનું સંપ્રદાન નથી, અને તે સ્વભાવના આધારે થયેલી પર્યાય પણ રાગનું સંપ્રદાન થતી નથી. આમ દ્રવ્યથી તેમજ પર્યાયથી બંને પ્રકારે ભગવાન આત્મા વિકારનું સંપ્રદાન નથી પણ વીતરાગી ભાવનું જ સંપ્રદાન છે. જ્યાં શુદ્ધ દ્રવ્યનો આશ્રય કર્યો ત્યાં પર્યાયમાંથી વિકારની યોગ્યતા ટળી ગઈ ને અવિકારી આનંદની જ યોગ્યતા થઈ, તે આનંદની જ પાત્ર થઈ. જેમ ઉત્તમ વસ્તુ રાખવાનું પાત્ર પણ ઉત્તમ હોય છે, સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ રહે છે, તેમ જગતમાં મહા ઉત્તમ એવો જે અતીન્દ્રિય આનંદ તેનું પાત્ર પણ ઉત્તમ જ છે,–કયું પાત્ર છે? કે આત્માના સ્વભાવ તરફ વળેલી પરિણતિ જ તે આનંદનું પાત્ર છે. આત્મામાં જ એવી ઉત્તમ પાત્રશક્તિ (સંપ્રદાનશક્તિ) છે કે પોતે પરિણમીને પોતાના અતીન્દ્રિય આનંદને પોતામાં ઝીલી શકે.

જે જીવને આવો અતીન્દ્રિય આનંદ ઝીલવાની પાત્રતા જાગે તેનામાં ગુરુ પ્રત્યેનો વિનય પણ કોઈ જુદી જ જાતનો પ્રગટે? અંતરમાંથી ગુરુ પ્રત્યે જેવું બહુમાન જ્ઞાનીને આવશે તેવું અજ્ઞાનીને નહિ આવે. જો કે નિશ્ચયથી ગુરુ પોતાના આત્મામાંથી જ્ઞાન કે આનંદ કાઢીને કાંઈ શિષ્યને આપી દેતા નથી, ને શિષ્યનો આત્મા કાંઈ પોતાના જ્ઞાન કે આનંદ ગુરુ પાસેથી લેતો નથી, ગુરુ આપે ને પાત્ર શિષ્ય લ્યે–એ વાત વ્યવહારની છે; તોપણ–શ્રી ગુરુના ઉપદેશદ્વારા આત્મસ્વભાવ સમજીને શિષ્યને જ્યાં અપૂર્વ આનંદની પ્રાપ્તિ થઈ ત્યાં રોમરોમમાં ગુરુ પ્રત્યેના અપાર વિનયથી તેનો આત્મા ઊછળી જાય છે...નિશ્ચય પ્રગટતાં તેનો વ્યવહાર પણ લોકોત્તર થઈ જાય છે...ને શ્રીગુરુના અનંત ઉપકારને વ્યક્ત કરતાં કહે છે કે અહો પ્રભો! આ પામરને આપે જ જ્ઞાન અને આનંદનાં દાન દીધાં..અમારા આનંદને ભૂલીને અનંત સંસારમાં રખડતા હતા, તેનાથી છોડાવીને આપે જ અમને આનંદ આપ્યો...ઘોર ભવભ્રમણથી આપે જ અમને બચાવ્યા..આપે જ કૃપા કરીને સંસારથી ઊગાર્યા..હે નાથ! આપના અનંત ઉપકારનો બદલો કઈ રીતે વાળીએ? આમ અપાર વિનયપૂર્વક ગુરુના ચરણે અર્પાઈ જાય છે. નિશ્ચયની સાધકદશામાં દેવ–ગુરુ પ્રત્યે આવો વિનય વગેરે વ્યવહાર સહેજે હોય છે. જો આત્મામાંથી આવો વિનય ન ઊગે તો તે જીવને નિશ્ચયનું પરિણમન પણ થયું નથી એમ સમજવું. ગુરુથી જ્ઞાન થતું નથી–એમ કહીને ગુરુનો વિનય છોડી દે તે તો મોટો સ્વચ્છંદી છે, આનંદને ઝીલવાની પાત્રતા તેનામાં જાગી નથી. અહો! આ તો નિશ્ચય–વ્યવહારની સંધિપૂર્વકનો અચિંત્ય લોકોત્તર માર્ગ છે. સાધકદશા શું ચીજ છે તેની લોકોને ખબર નથી. સાધકને તો બધા પડખાંનો વિવેક વર્તતો હોય છે, ગણધર જેવો વિવેક સમ્યગ્દ્રષ્ટિને પ્રગટયો હોય છે. કહ્યું છે કે–

**જાકે ઘટ પ્રગટ વિવેક ગણધર કો સો,**
**હિરદે હરખી મહા મોહકો હરતુ હૈ;**
**સાચો સુખ માને નિજ મહિમા અડોલ જાને,**
**આપુ હી મેં આપનો સુભાઉ લે ધરતુ હૈ.**
**જૈસે જલકર્દમ કતકફલ ભિન્ન કરે,**
**તૈસે જીવ અજીવ વિલછનુ કરતુ હૈ;**

**આતમ શક્તિ સાધે ગ્યાનકો ઉદૌ આરાધે,**
**સોઈ સમકિતી ભવસાગર તરતુ હૈ.**
**( નાટક સમયસારઃ ૮ )**

–જુઓ, આ સાધક સમકિતીની અદ્ભુત દશા!! જેના હૃદયમાં ગણધર જેવો નિજ–પરનો વિવેક પ્રગટ થયો છે, જે આત્માના અનુભવથી આનંદિત થઈને મિથ્યાત્વાદિ મહામોહને નષ્ટ કરે છે, સાચા સ્વાધીન સુખને સુખ માને છે, પોતાના જ્ઞાનાદિ ગુણોનું અવિચલ શ્રદ્ધાન કરે છે, પોતાના સમ્યગ્દર્શનાદિ સ્વભાવને પોતામાં જ ધારણ કરે છે, જેમ કતકફળ જળ અને કાદવને જુદા કરે છે તેમ ભેદજ્ઞાનવડે જે જીવ અને અજીવને વિલક્ષણ જાણીને જુદા કરે છે, આત્મશક્તિને જે સાધે છે ને જ્ઞાનના ઉદયને ( કેવળજ્ઞાનને ) આરાધે છે;– આવા સમકિતી જીવ ભવસાગરને તરે છે.

સમકિતી જીવની ખરેખરી ઓળખાણ કરે તોય જીવનું લક્ષ ફરી જાય, ને પોતાના સ્વભાવ તરફ વલણ થઈ જાય. સમકિતી તો પોતાના સ્વભાવને જ સાધે છે. અરે જીવ! તું જ તારો દાતાર, ને તું જ તારો લેનાર. તું દાતાર થઈને તારી પર્યાયમાં ગમે તેટલું દાન આપ તોય તારી સ્વભાવશક્તિમાંથી કાંઈ ઘટે નહિ–આવો તારો સ્વભાવ છે. આવા દાતારને છોડીને હવે બહારમાં તારે બીજો કયો દાતાર ગોતવો છે? આ દાતાર સામે જોઈને તેની પાસેથી તું નિર્મળ પર્યાયનું દાન લેવાને પાત્ર થા...બીજા પાસે ભીખ ન માંગ.

બીજા પાસે દાન માંગે ત્યાં તો બીજો ન પણ આપે, પણ અહીં તો પોતે પાત્ર થાય ત્યાં આત્મા સમ્યગ્દર્શન, વગેરેનું દાન આપ્યા વિના રહે જ નહિ–એવો મોટો દાતાર છે. પોતે જ દાતાર છે પછી શી ચિંતા? સ્વભાવમાં એકાગ્ર થઈને તારે જોઈએ તેટલું દાન લે..તારે જેટલા જ્ઞાન ને આનંદ જોઈએ તેટલા દેવાની તાકાત તારા સ્વભાવમાં ભરી છે. લૌકિકમાં તો દાન આપનાર દાતારની મૂડી ઘટે છે પણ અહીં તો આત્મા પોતે એવો લોકોત્તર દાતાર છે કે ક્ષણેક્ષણે ( –સમયે સમયે ) પરિપૂર્ણ જ્ઞાન–આનંદના દાન અનંતકાળ સુધી આપ્યા જ કરે છતાં તેની મૂડી જરાય ઘટે નહિ.

આત્મા પોતે પરિપૂર્ણ શક્તિમાન છે, પોતે પોતામાં લીન થઈને પોતાના સ્વભાવમાંથી નિર્મળતાનું દાન કરે છે, અને પોતે જ તે દાન લ્યે છે,–આવું દાન લેવાની પાત્રતારૂપ સંપ્રદાનશક્તિ આત્મામાં છે. જેમ આત્મામાં જ્ઞાનશક્તિ છે, આનંદશક્તિ છે, તેમ આ સંપ્રદાનશક્તિ પણ છે. જો આત્મામાં જ્ઞાનશક્તિ ન હોય તો આત્મા જાણે ક્યાંથી? જો આત્મામાં સુખશક્તિ ન હોય તો આત્માને અનાકુળતારૂપ સુખ ક્યાંથી થાય? જો આત્મામાં શ્રદ્ધાશક્તિ ન હોય તો પોતે પોતાનો વિશ્વાસ ક્યાંથી કરી શકે? જો આત્મામાં ચારિત્રશક્તિ ન હોય તો પોતાના સ્વરૂપમાં સ્થિરતા કેમ કરી શકે? જો આત્મામાં જીવનશક્તિ ન હોય તો આત્મા જીવી કેમ શકે? જો આત્મામાં વીર્યશક્તિ ન હોય તો તે પોતાના સ્વરૂપની રચનાનું સામર્થ્ય ક્યાંથી લાવે? જો આત્મામાં પ્રભુત્વ શક્તિ ન હોય તો અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી તે કઈ રીતે શોભે? જો આત્મામાં કર્તૃત્વશક્તિ ન હોય તો પોતે પોતાના નિર્મળકાર્યને કઈ રીતે કરે? એ જ પ્રમાણે જો આત્મામાં સંપ્રદાન શક્તિ ન હોય તો પોતે પોતાનો દાતાર, ને પોતે જ નિર્મળતાનો લેનાર કઈ રીતે થઈ શકે? પોતાના સ્વભાવથી આત્મા પોતે જ જ્ઞાન–આનંદનો દેનાર છે ને પોતે જ તેનો લેનાર છે–એવા ભાન વિના પરચીજ દેવા–લેવાનો મિથ્યા વિકલ્પ કદી છૂટે નહિ, ને અંતરમાં એકાગ્રતા થાય નહિ. જ્ઞાની તો ‘હું જ મારો દાતાર ને હું જ મારો લેનાર’ એવા નિર્ણયના જોરે અંતર્સ્વભાવમાં એકાગ્ર થઈને જ્ઞાન–આનંદના નિધાન મેળવી લ્યે છે. જો બીજો દે ને પોતે લ્યે તો તો પરાધીનતા થઈ ગઈ, પોતાની સ્વાધીનશક્તિ ન રહી. જો આત્મામાં પોતે જ દાતાર ને પોતે જ લેનાર એવી શક્તિ ન હોય તો પર સામે જ જોયા કરવું પડે ને પોતામાં કદી એકતા થાય જ નહિ. પણ આત્મામાં એવી સંપ્રદાન શક્તિ છે કે એક સમયમાં પોતે જ દેનાર ને પોતે જ લેનાર છે, દેવાનો ને લેવાનો સમયભેદ નથી, તેમજ દેનાર ને લેનાર જુદા નથી. અહો! મારા સ્વભાવમાંથી જ કેવળજ્ઞાન અને સિદ્ધપદના દાન લેવાની મારી તાકાત છે–એમ પ્રતીત કરીને સ્વસન્મુખ થઈને પોતે પોતાની શક્તિનું દાન કદી લીધું નથી, સ્વને ચૂકીને પરના આશ્રયે અનાદિથી વિકારનું જ દાન લીધું છે. જો પાત્ર થઈને પોતે પોતાની શક્તિમાં દાન લ્યે તો અલ્પ કાળમાં મુક્તિ થાય, માટે હે જીવ! તારી સ્વભાવશક્તિને સંભાળ..ને તે સ્વભાવવડે દેવામાં આવતા નિર્મળજ્ઞાન–આનંદનું દાન લે.

–૪૪મી સંપ્રદાનશક્તિનું વર્ણન અહીં પૂરું થયું.

# ભેદજ્ઞાન-પ્રશ્નોત્તર

(સમયસાર-કર્તાકર્મઅધિકાર ઉપરના પ્રવચનોમાંથી)

(આત્મધર્મ અંક ૧૭૫ થી ચાલુ)

(૧૧૩) **પ્રશ્નઃ-** ધર્મીનો ઉપયોગ જ્યારે રાગમાં જોડાયેલો હોય ત્યારે તે જ્ઞાની છે કે અજ્ઞાની?

**ઉત્તરઃ-** ધર્મીનો ઉપયોગ જ્યારે પરને કે રાગાદિને જાણવામાં જોડાયેલો હોય ત્યારે પણ તે જ્ઞાની જ છે, કેમકે રાગને જાણતા હોવા છતાં તે વખતે ય રાગમાં તન્મયપણે નથી પરિણમતા, તે વખતે ય જ્ઞાનમાં જ તન્મયપણે પરિણમે છે, માટે તે જ્ઞાની જ છે; રાગનું અને જ્ઞાનસ્વભાવનું ભેદજ્ઞાન તે વખતે પણ તેને વર્તે જ છે, તેથી તે જ્ઞાની જ છે.

(૧૧૪) **પ્રશ્નઃ-** મિથ્યાદ્રષ્ટિ કેવો છે?

**ઉત્તરઃ-** મિથ્યાદ્રષ્ટિ જ્યારે રાગને જાણે છે ત્યારે 'રાગ તે જ હું' એમ માનીને રાગમાં જ તન્મયપણે પરિણમે છે. પણ રાગથી ભિન્ન જ્ઞાનપણે પરિણમતો નથી, તેથી તે અજ્ઞાની છે; જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન તેને નથી.

(૧૧૫) **પ્રશ્નઃ-** જ્ઞાનીનું કર્મ શું છે?

**ઉત્તરઃ-** જ્ઞાન પરિણામ તે જ જ્ઞાનીનું કર્મ છે.

(૧૧૬) **પ્રશ્નઃ-** અજ્ઞાનીનું કર્મ શું છે?

**ઉત્તરઃ-** અજ્ઞાની રાગાદિ પરિણામને પોતાના કર્મપણે કરે છે, તેથી તે તેનું કર્મ છે.

(૧૧૭) **પ્રશ્નઃ-** કર્તાકર્મપણું ક્યાં હોય? ને ક્યાં ન હોય?

**ઉત્તરઃ-** કર્તાકર્મપણું એક સ્વરૂપમાં હોય, ભિન્ન ભિન્ન સ્વરૂપમાં ન હોય; જેમ કે-જ્ઞાનને જ્ઞાનપરિણામ સાથે કર્તાકર્મપણું છે કેમકે તે બંને એક સ્વરૂપે છે; પણ જ્ઞાનને રાગ-પરિણામ સાથે કર્તાકર્મપણું નથી કેમકે જ્ઞાન અને રાગ એ બંને એક સ્વરૂપ નથી પણ ભિન્ન ભિન્ન સ્વરૂપ છે. (અહીં 'એક સ્વરૂપ' એટલે 'તત્સ્વરૂપ' એમ સમજવું.)

(૧૧૮) **પ્રશ્નઃ-** જીવને શેનું ભોક્તાપણું હોય છે?

**ઉત્તરઃ-** પોતાના જે ભાવને જીવ કરે છે તેનો જ તે ભોક્તા છે. આ રીતે જીવ પોતાના ભાવનો જ ભોક્તા છે, પરચીજનો તે ભોક્તા નથી.

(૧૧૯) **પ્રશ્નઃ-** જીવ પરચીજનો ભોક્તા કેમ નથી?

**ઉત્તરઃ-** જેમ કર્તાકર્મપણું 'તત્સ્વરૂપ' માં જ હોય છે, ભિન્ન ભિન્ન વસ્તુમાં હોતું નથી, તેમ ભોક્તા-ભોગ્યપણું પણ 'તત્સ્વરૂપ' માં જ હોય છે, ભિન્ન ભિન્ન વસ્તુમાં હોતું નથી. માટે જીવ પરચીજનો ભોક્તા નથી. જે ભાવને પોતામાં એકમેકપણે તે કરે છે તેનું જ તેને વેદન હોય છે.

(૧૨૦) **પ્રશ્નઃ-** જ્ઞાનીને શેનું વેદન હોય છે?

**ઉત્તરઃ-** સાધકદશામાં જ્ઞાનીને આત્માના જ્ઞાન-આનંદનું વેદન હોય છે; હર્ષ-શોકનું અલ્પ વેદન છે પણ તેમાં એકતા-બુદ્ધિપૂર્વક તેનું વેદન નથી, તેથી તે વેદનની મુખ્યતા નથી.

(૧૨૧) **પ્રશ્નઃ-** સર્વજ્ઞ પરમાત્માને શેનું વેદન છે?

**ઉત્તરઃ-** સર્વજ્ઞ પરમાત્માને પોતાના પરિપૂર્ણ જ્ઞાન-

આનંદનું જ વેદન છે, હર્ષ–શોકનું વેદન તેમને જરા પણ નથી.

(૧૨૨) **પ્રશ્ન**:- અજ્ઞાનીને શેનું વેદન હોય છે?

**ઉત્તર**:- અજ્ઞાની જીવ હર્ષ–શોકથી ભિન્ન પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને જાણતો નથી, તેથી તે હર્ષ–શોકમાં જ એકાકાર થઈને તેને જ વેદે છે; જ્ઞાન–આનંદનું વેદન તેને જરા પણ નથી. બાહ્ય સંજોગોને તો કોઈ પણ જીવ વેદતો નથી.

(૧૨૩) **પ્રશ્ન**:- જ્ઞાનીને જ્ઞાન–આનંદનું વેદન, તેમજ હર્ષ–શોકનું પણ વેદન, એમ બંને વેદન હોવા છતાં "તેને એકલા જ્ઞાન–આનંદનું જ વેદન છે ને હર્ષ–શોકનું વેદન નથી"–એમ કેમ કહ્યું?

**ઉત્તર**:- જેની સાથે અભેદતા છે તેનું જ વેદન છે, ને જેનાથી ભિન્નતા છે તેનું વેદન નથી–એ અપેક્ષાએ જ્ઞાનીને જ્ઞાન–આનંદનું વેદન જ છે ને હર્ષ–શોકનું વેદન નથી એમ કહ્યું છે. જે જ્ઞાન–આનંદરૂપ નિર્મળ ભાવ પ્રગટયો છે તેની સાથે આત્માની અભેદતા હોવાથી જ્ઞાની તેનો જ વેદક છે; અને જે હર્ષ–શોક થાય છે તેને પોતાના સ્વભાવથી ભિન્નપણે જાણતો હોવાથી જ્ઞાની તેનો વેદક નથી. જેના ઉપર દ્રષ્ટિ પડી છે તેનું જ વેદન છે.

(૧૨૪) **પ્રશ્ન**:- આનંદનું વેદન કેમ થાય?

**ઉત્તર**:- મારો આત્મા જ્ઞાન–આનંદસ્વરૂપ છે, હર્ષ–શોકાદિ ભાવો મારા સ્વભાવથી જુદા છે–એવું ભેદજ્ઞાન કરીને, અંતરના જ્ઞાન–આનંદસ્વરૂપ તરફ વળતાં આત્માના આનંદનું વેદન થાય છે. ભેદજ્ઞાન પછી સાધકદશામાં જો કે અલ્પ હર્ષ–શોક થાય છે, છતાં શ્રદ્ધામાં તો વેદનનો એક જ પ્રકાર છે.

(૧૨૫) **પ્રશ્ન**:- "શ્રદ્ધામાં વેદનનો એક જ પ્રકાર છે" એટલે શું?

**ઉત્તર**:- ધર્મી જીવની દ્રષ્ટિ પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ ઉપર છે ત્યાં તે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને એકને જ વેદે છે, હર્ષાદિના વેદનને ધર્મીની દ્રષ્ટિ પોતામાં સ્વીકારતી નથી; માટે શ્રદ્ધા અપેક્ષાએ તો ધર્મીને એકલા આનંદનું જ વેદન છે. ચારિત્ર અપેક્ષાએ તેને વેદનના બે પ્રકાર છે.

(૧૨૬) **પ્રશ્ન**:- 'ચારિત્ર અપેક્ષાએ વેદનના બે પ્રકાર' કઈ રીતે છે?

**ઉત્તર**:- ધર્મી જીવને પોતાના જ્ઞાનાનંદસ્વભાવના ભાનપૂર્વક જેટલે અંશે તેમાં લીનતા થઈ છે તેટલે અંશે તો આનંદનું વેદન છે, અને જેટલા હર્ષ–શોકરૂપ અસ્થિરતાના ભાવ છે તેટલું આકુળતાનું પણ વેદન છે; એ રીતે સાધકદશામાં વેદનના બંને પ્રકાર એક સાથે વર્તે છે.

(૧૨૭) **પ્રશ્ન**:- અજ્ઞાનીના વેદનમાં કયો પ્રકાર છે?

**ઉત્તર**:- અજ્ઞાની "હર્ષ–શોક વગેરે ભાવો તે જ હું" એવી એકત્વબુદ્ધિને લીધે એકાંત હર્ષ–શોકાદિ ભાવોને જ વેદે છે, એટલે તેના વેદનમાં દુઃખનું જ એકલું વેદન છે.

(૧૨૮) **પ્રશ્ન**:- ભગવાન સર્વજ્ઞના વેદનમાં કયો પ્રકાર છે?

**ઉત્તર**:- ભગવાન સર્વજ્ઞના વેદનમાં પરિપૂર્ણ જ્ઞાનાનંદનો એક જ પ્રકાર છે, હર્ષ–શોકાદિનું વેદન તેમને જરા પણ નથી. –આ રીતે વેદન બાબતમાં ચાર બોલ થયા.

(૧૨૯) **પ્રશ્ન**:- વેદન બાબતમાં ચાર બોલ કઈ રીતે થયા?

**ઉત્તર**:- (૧) સર્વજ્ઞને એકલું આનંદનું જ વેદન છે.

(૨) અજ્ઞાનીને એકલું દુઃખનું જ વેદન છે.

(૩) સાધક જ્ઞાનીને અંશે આનંદનું વેદન, તેમજ અંશે દુઃખનું પણ વેદન,–એમ બંને વેદન છે.

(૪) સાધકને બંને વેદન હોવા છતાં દ્રષ્ટિ અપેક્ષાએ એકલું આનંદનું જ વેદન છે; હર્ષ–શોકાદિને પોતાના સ્વભાવમાં એકપણે તે વેદતો જ નથી. –આ રીતે વેદનના ચાર બોલ છે.

(૧૩૦) **પ્રશ્ન**:- આ ચાર બોલમાંથી અહીં ૭૮મી ગાથામાં કયો બોલ લાગુ પડે છે?

**ઉત્તર**:- અહીં ચોથો બોલ લાગુ પડે છે.

(૧૩૧) **પ્રશ્ન**:- નિશ્ચયથી આત્મા શેનો કર્તા–ભોક્તા છે?

**ઉત્તર**:- નિશ્ચયથી આત્મા પોતાના ભાવોનો જ કર્તા–ભોક્તા છે.

(૧૩૨) **પ્રશ્ન**:- કયો વ્યવહાર અજ્ઞાનીઓને અનાદિથી પ્રસિદ્ધ છે?

**ઉત્તરઃ-** ખરેખર આત્મા પરનો કર્તા-ભોક્તા ન હોવા છતાં, 'આત્મા પુદ્‌ગલકર્મને કરે છે અને ભોગવે છે' એવો અજ્ઞાનીઓનો અનાદિસંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.

(૧૩૩) **પ્રશ્નઃ-** એ વ્યવહારમાં શું દૂષણ છે?

**ઉત્તરઃ-** આત્મા પોતાના ભાવને કરે તથા ભોગવે, અને પુદ્‌ગલકર્મને પણ તે કરે અને ભોગવે,-તો તે આત્મા બે ક્રિયાવાળો ઠરે-એ મોટો દોષ આવે છે; એક દ્રવ્યને બે ક્રિયા હોય-એ વાત સર્વજ્ઞના મતથી બહાર છે.-માટે આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો, પરંતુ પુદ્‌ગલ પરિણામને કરતો કદી ન પ્રતિભાસો.

(૧૩૪) **પ્રશ્નઃ-** એક આત્મા બે દ્રવ્યોની ક્રિયા કેમ ન કરે?

**ઉત્તરઃ-** કેમકે બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે. જડની ક્રિયા જડરૂપ છે, ચેતનની ક્રિયા ચેતનરૂપ છે; જડની ક્રિયા ચેતન કરતું નથી, ચેતનની ક્રિયા જડ કરતું નથી.-માટે જે પુરુષ એક દ્રવ્યને બે ક્રિયા માને તે મિથ્યાદ્રષ્ટિ છે, ને જિનના મતથી તે બહાર છે.

(૧૩૫) **પ્રશ્નઃ-** જગતમાં જે ક્રિયા છે તે બધીએ કેવી છે?

**ઉત્તરઃ-** જગતમાં જે કોઈ ક્રિયા છે તે બધીએ પરિણામસ્વરૂપ જ છે; જડની ક્રિયા જડના પરિણામસ્વરૂપ છે, ને આત્માની ક્રિયા આત્માના પરિણામસ્વરૂપ છે; ક્રિયા પરિણામથી જાુદી નથી.

(૧૩૬) **પ્રશ્નઃ-** પરિણામ કેવા છે?

**ઉત્તરઃ-** પરિણામ પરિણામીથી અભિન્ન છે. આ રીતે વસ્તુથી જાુદા તેના પરિણામ નથી, ને પરિણામથી જાુદી ક્રિયા નથી; માટે કોઈ પણ વસ્તુની ક્રિયા તે વસ્તુથી જાુદી હોતી નથી.

(૧૩૭) **પ્રશ્નઃ-** આમાં શું સિદ્ધ થયું?

**ઉત્તરઃ-** અહીં એમ સિદ્ધ કર્યું કે વસ્તુસ્થિતિથી જ ક્રિયા અને કર્તાનું અભિન્નપણું સદાય તપી રહ્યું છે; કર્તા અને તેની ક્રિયા અભિન્ન જ હોય-એવી વસ્તુની મર્યાદા છે.

(૧૩૮) **પ્રશ્નઃ-** કોણ સર્વજ્ઞના મતથી બહાર છે?

**ઉત્તરઃ-** વસ્તુસ્વરૂપની મર્યાદાને તોડીને જેઓ એમ માને છે કે આત્મા પરની ક્રિયાને પણ કરે,-તેઓ દ્વિક્રિયાવાદી-મિથ્યાદ્રષ્ટિ હોવાથી સર્વજ્ઞના મતની બહાર છે,-'नमो अरहंताणं' ને તે ખરેખર માનતો નથી.

(૧૩૯) **પ્રશ્નઃ-** દ્વિક્રિયાવાદી સર્વજ્ઞના મતની બહાર છે-એટલે શું?

**ઉત્તરઃ-** શરીરાદિ જડની ક્રિયાને આત્મા કરે તથા ભોગવે-એમ જે માને છે તે દ્વિક્રિયાવાદી છે; સર્વજ્ઞના મતમાં કહેલું બે દ્રવ્યોનું ભિન્નપણું તે માનતો નથી તેથી તે સર્વજ્ઞના મતની બહાર છે, એટલે કે મિથ્યાદ્રષ્ટિ છે; તેણે ખરેખર સર્વજ્ઞદેવને માન્યા નથી.

(૧૪૦) **પ્રશ્નઃ-** આત્માને પરદ્રવ્યની ક્રિયાનો કર્તા-ભોક્તા માનનાર કેમ મિથ્યાદ્રષ્ટિ છે?

**ઉત્તરઃ-** કેમકે પરદ્રવ્યની ક્રિયાનો કર્તા જે પોતાને માને છે તે જીવ પોતાને પરથી ભિન્ન નથી માનતો; એટલે તેને સ્વપરની ભિન્નતાનું ભાન રહેતું નથી, તેથી અનેક દ્રવ્યસ્વરૂપે એક આત્માને માનતો હોવાથી તે મિથ્યાદ્રષ્ટિ જ છે.

(૧૪૧) **પ્રશ્નઃ-** જ્ઞાની અને અજ્ઞાનીનું કાર્ય શું છે?

**ઉત્તરઃ-** જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ જીવ પરદ્રવ્યની ક્રિયા તો કરી શકતો જ નથી; જ્ઞાની પોતાના જ્ઞાન પરિણામને કરે છે, અને અજ્ઞાની પોતાના અજ્ઞાન પરિણામને કરે છે; માટે આચાર્યદેવ કહે છે કે આત્મા પોતાના જ પરિણામને કરતો પ્રતિભાસો; પુદ્‌ગલના પરિણામને કરતો તો કદી ન પ્રતિભાસો.

(૧૪૨) **પ્રશ્નઃ-** કર્તા કોણ છે?

**ઉત્તરઃ-** કાર્યરૂપે જે પરિણમે છે તે કર્તા છે. જેમકે ઘડારૂપે પરિણમનારી માટી જ ઘડાની કર્તા છે, કુંભાર તેનો કર્તા નથી કેમકે કુંભાર ઘડારૂપે પરિણમતો નથી.

(૧૪૩) **પ્રશ્નઃ-** 'કર્મ' શું છે?

**ઉત્તરઃ-** કર્તાનું જે પરિણામ છે તે કર્મ છે. કર્તાનું પરિણામ પોતાથી જાુદું હોતું નથી. જેમકે કુંભારના ઇચ્છા વગેરે પરિણામ તે જ કુંભારનું કર્મ છે, પણ ઘડો તે કુંભારનું કર્મ નથી, કેમકે તે તો કુંભારથી ભિન્ન છે. ઘડો તે કુંભારનું

પરિણામ નથી પણ માટીનું પરિણામ છે, તેથી ઘડો તે માટીનું કર્મ છે.

(૧૪૪) **પ્રશ્ન:-** ‘ક્રિયા’ શું છે?

**ઉત્તર:-** કર્તાની જે પરિણતિ તે ક્રિયા છે. પરિણતિ એટલે પરિણામનો પલટો, તે ક્રિયા છે. તે પણ કર્તાથી ભિન્ન હોતી નથી. કુંભારની ક્રિયા કુંભારમાં છે, માટીમાં નથી.

(૧૪૫) **પ્રશ્ન:-** કર્તા, કર્મ અને ક્રિયા એ ત્રણે ભિન્ન ભિન્ન વસ્તુમાં હોય?

**ઉત્તર:-** ના; કર્તા, કર્મ અને ક્રિયા એ ત્રણે વસ્તુપણે ભિન્ન નથી, એક જ વસ્તુમાં હોય છે. કર્તા એક વસ્તુ અને તેનું કાર્ય બીજી વસ્તુમાં–એમ કદી બનતું નથી. તેમજ બે દ્રવ્યો ભેગાં થઈને એક કાર્ય કરતા નથી, અને એક દ્રવ્ય બે કાર્યને કરતું નથી. જેમકે–

કર્તા કુંભાર અને તેનું કાર્ય માટીમાં–એમ બનતું નથી; તેમજ કુંભાર અને માટી એ બંને ભેગાં (એકમેક) થઈને ઘડારૂપ કાર્યને કરે–એમ પણ નથી; અને એક કુંભાર કર્તા થઈને પોતાની ઇચ્છાને તેમજ ઘડાને–એમ બે કાર્યને કરે એમ પણ બનતું નથી.

(૧૪૬) **પ્રશ્ન:-** બે માણસો ભેગા થઈને એક મોટો પત્થર ઊપાડે છે–ત્યાં તે બંનેએ ભેગા થઈને એક કાર્ય ઊપજાવ્યું કે નહિ?

**ઉત્તર:-** ના; બંને માણસોનું કાર્ય (ઇચ્છા તથા બળ) પોતપોતાનામાં જ છે, ને પત્થર ઊંચો થવાનું કાર્ય પત્થરમાં થયું છે. બે માણસો અને પત્થર ત્રણેનું કાર્ય ભિન્ન ભિન્ન છે.

(૧૪૭) **પ્રશ્ન:-** આત્મા અને જડ કર્મ એ બંનેએ ભેગાં થઈને વિકાર કર્યો કે નહિ?

**ઉત્તર:-** ના; વિકારનો કર્તા તે આત્મા એકલો જ છે, ને જડકર્મનું કાર્ય તે કર્મમાં જ છે, આત્મા અને જડકર્મ બંનેનું ભિન્ન ભિન્ન પરિણમન છે; બંને એક થઈને કદી પરિણમતા નથી; માટે રાગાદિ ભાવકર્મનો કર્તા આત્મા જ છે– એમ સમજવું.

(૧૪૮) **પ્રશ્ન:-** આમ સમજવાથી શું થાય છે?

**ઉત્તર:-** આમ સમજવાથી જડ–ચેતનનું ભેદજ્ઞાન થાય છે. ભેદજ્ઞાન થતાં જ પર સાથેના કર્તાકર્મપણાની બુદ્ધિરૂપ અજ્ઞાનનો નાશ થઈ જાય છે; અજ્ઞાનનો નાશ થતાં મિથ્યાત્વાદિનું બંધન થતું નથી, એટલે અલ્પકાળમાં મોક્ષ થાય છે. આ રીતે અનુભવમાં ઝૂલતા સંતોએ ભેદજ્ઞાન કરાવ્યું છે.

(૧૪૯) **પ્રશ્ન:-** અનુભવમાં ઝૂલતા સંતોને કેવી ઊર્મિ ઊઠી?

**ઉત્તર:-** સંતોને જંગલમાં આત્માના અનુભવમાં ઝૂલતાં એવી ઊર્મિ આવી કે અહો! આત્માનો આવો જ્ઞાનસ્વભાવ જગતના જીવો સમજે...તો તેમનું અજ્ઞાન ટળે. અહો! આવો ભગવાન આત્મા પરથી અત્યંત જુદો, તેને એક વાર પણ જો પરમાર્થદ્રષ્ટિથી ગ્રહણ કરે તો જીવને અજ્ઞાનનો એવો નાશ થાય કે તે જ્ઞાનઘન આત્માને ફરીને બંધન ન થાય, માટે હે ભવ્ય જીવો! આત્માને પરના કર્તૃત્વથી રહિત જ્ઞાયકસ્વભાવપણે જ દેખો,–એવો સંતોનો ઉપદેશ છે.

**–‘હવે અમારું દિલ બીજે ક્યાંય લાગતું નથી’**

નિયમસારના ૧૩૦મા કલશમાં શ્રી પદ્મપ્રભ મુનિરાજ કહે છે:

જેમ અમૃત ભોજનના સ્વાદને જાણીને દેવોનું દિલ અન્ય ભોજનમાં લાગતું નથી, તેમ જ્ઞાનાત્મક સૌખ્યને જાણીને અમારું દિલ તે સૌખ્યના નિધાન ચૈતન્યમાત્ર–ચિંતામણિ સિવાય બીજે ક્યાંય લાગતું નથી.



## - પરમ શાંતિ દાતારી -

# અધ્યાત્મ ભાવના

### ભગવાનશ્રી પૂજ્ય પાદસ્વામી રચિત ‘સમાધિશતક’ ઉપર પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અધ્યાત્મભાવના –ભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

દેહાદિથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ આત્માના ભાનપૂર્વક, બાહ્ય પદાર્થો તરફની પ્રવૃત્તિ છોડીને અંતરમાં ઠરવા માટે જ્ઞાની એમ વિચારે છે કે–

यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा ।
जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम् ।।१८।।

ઇન્દ્રિયજ્ઞાનનો વેપાર બાહ્ય પદાર્થોમાં જ છે; ઇન્દ્રિય–જ્ઞાનદ્વારા બાહ્યમાં જે કાંઈ દેખાય છે તે તો અચેતન છે, શરીરનું રૂપ વગેરે દેખાય છે તે તો અચેતન છે, તે જરા પણ જાણતું નથી. હું તેના ઉપર રાગ કરું કે દ્વેષ કરું તો પણ તેને કાંઈ ખબર નથી કે આ મારા ઉપર રાગ કે દ્વેષ કરે છે. મારા અભિપ્રાયને તે જાણતું જ નથી, તો હું તેની સાથે શું બોલું? અને જે જાણનારા છે એવા અન્ય જીવોનું રૂપ તો મને ઇન્દ્રિયજ્ઞાન દ્વારા દેખાતું નથી, માટે બહારમાં હું કોની સાથે બોલું? આત્મા તો ઇન્દ્રિયનો વિષય બનતો નથી ને જડ અચેતન શરીર સાથે બોલું તે તો વ્યર્થ બકવાદ છે, માટે બાહ્ય પ્રવૃત્તિ જ બધી વ્યર્થ છે, તેથી ઇન્દ્રિયો તરફનો વેપાર છોડીને હું મારા જ્ઞાનને અંતર્મુખ કરું છું.–એમ જ્ઞાની ભાવના ભાવે છે. આ રીતે બાહ્ય વિષયો તરફનું વલણ છોડીને જ્ઞાનને આત્મામાં એકાગ્ર કરવું તેમાં જ શાંતિ અને સમાધિ છે. જ્ઞાનને બાહ્ય વિષયોમાં ભટકાવવું તે તો અશાંતિ અને વ્યગ્રતા છે.

એકવાર દ્રઢ નિર્ણયથી પોતાના વેદનમાં જ એમ ભાસવું જોઈએ કે અરે! બાહ્ય વલણમાં ક્યાંય કોઈ પણ વિષયમાં રંચમાત્ર સુખ મને વેદાતું નથી, બાહ્ય વલણમાં તો એકલી આકુળતા જ વેદાય છે, ને અંતર તરફના વલણમાં જ શાંતિ અને અનાકુળતા જ છે; માટે મારે મારા સ્વભાવમાં જ અંતર્મુખ થવા જેવું છે.–આવા નિર્ણયના જોરે અંતર્મુખ થતાં વિકલ્પ તુટીને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે.

* * * * *

## (વીર સં. ૨૪૮૨, જેઠ સુદ ૯-૧૦, રવિવાર)

સમાધિ કેમ થાય એટલે આત્માને શાંતિ કેમ થાય? તેની આ વાત છે. બહિર્મુખપણું છોડીને એકદમ અંતર્મુખ થવાની આ વાત છે. ઇન્દ્રિયજ્ઞાનનો વેપાર બાહ્યમાં છે ને તેનાથી તો જડ શરીર દેખાય છે, તે જડમાં તો કાંઈ સમજવાની તાકાત નથી, તો તેની સાથે હું શું વાત કરું? અને સામાનો અતીન્દ્રિય આત્મા તો કાંઈ ઇન્દ્રિયજ્ઞાનથી દેખાતો નથી; માટે પરને સમજાવવાની કે પર સાથે વાત કરવાની બાહ્યવૃત્તિ છોડીને પોતાના આત્મામાં જ અંતર્મુખ થવા જેવું છે. મારે તો મારા આત્માને લક્ષમાં લઈને ઠરવાનું છે–એમ જ્ઞાની ભાવના ભાવે છે.

અહો! આ મારો આત્મા તો જ્ઞાન જ છે; તેને જ્ઞાનસ્વભાવથી બહાર લક્ષ જઈને જે વિકલ્પ ઊઠે તે વિકલ્પ નિરર્થક છે. આત્મા તો ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી, ઇન્દ્રિયથી તો શરીર દેખાય છે, તે શરીર તો અચેતન–જડ છે, તેનામાં એવી તાકાત નથી કે મારા ભાવને જાણી શકે. મારા ભાવને જાણનારો જે આત્મા છે તે તો ઇન્દ્રિય દ્વારા ગ્રાહ્ય થતો નથી; માટે ઇન્દ્રિય તરફનો ઝૂકાવ છોડીને હું તો સ્વસન્મુખ એકાગ્ર રહું છું. આ મારા આત્મા સિવાય બીજું જે કાંઈ છે તે બધુંય મારાથી બાહ્ય છે. જ્યારે ઇન્દ્રિયોથી બાહ્ય વેપાર થાય છે ત્યારે જીવ તો તેનાથી દેખાતો નથી, ને જડ દેખાય છે તે તો કાંઈ સમજતું નથી, તો હું કોની સાથે જ્ઞાનને જોડું? કોની સાથે બોલું? કોને સમજાવું? જુઓ, આ ભેદજ્ઞાન! આવું જ્ઞાન કરે ત્યાં પર–તરફનું જોર તૂટી જાય. જ્ઞાનને અંતર્મુખ કરીને સ્વસંવેદનથી પોતે પોતાને જાણવો–એવો આનો અભિપ્રાય છે. પછી બહારમાં વૃત્તિ જાય ને વિકલ્પ ઊઠે પણ તેના અભિપ્રાયનું જોર તો સ્વસંવેદન તરફ જ છે. મારા વિકલ્પથી કાંઈ પર જીવો સમજતા નથી, તેમજ તે વિકલ્પ મને મારા સ્વસંવેદનમાં પણ સહાયક નથી,–આમ જાણીને ધર્મી પોતાના સ્વભાવ તરફ વળે છે, ને તેમાં એકાગ્ર થાય છે–તેનું નામ સમાધિ છે. જેને આવું ભેદજ્ઞાન નથી ને 'હું બીજાને સમજાવી દઉં' એવા અભિપ્રાયનું જોર છે તે કદી બહિર્મુખપણું છોડીને અંતર્મુખ થતો નથી ને તેને રાગ–દ્વેષરહિત સમાધિ થતી નથી.

અરે, મારા ચૈતન્યસ્વરૂપથી બહાર જ્યાં જોઉં છું ત્યાં બહારમાં તો જડ અચેતન શરીરાદિ દેખાય છે, તે તો મડદું છે, તે મડદા સાથે હું શું બોલું? અને ચૈતન્યસ્વરૂપ જીવ અમૂર્ત છે તે તો બહારમાં દેખાતો નથી, જે દેખાતો નથી તેની સાથે પણ હું શું બોલું? એટલે કે બહારમાં લક્ષ જ કરવા જેવું નથી; હું તો જ્ઞાયકસ્વરૂપ જ છું ને મારા જ્ઞાયક–સ્વરૂપમાં જ હું રહીશ. વિકલ્પ ઊઠે ને પર લક્ષ જાય કે પરને સમજાવવાની વૃત્તિ ઊઠે તે મારું સ્વરૂપ નથી, તેનાથી મને લાભ નથી; તેમજ બીજા જીવોને પણ વાણીથી કે વાણી તરફના લક્ષથી લાભ નથી, તે જીવો પણ પરલક્ષ છોડીને પોતાના જ્ઞાયક–સ્વરૂપમાં વળશે ત્યારે જ તેમને લાભ થશે.–એમ જાણીને જ્ઞાની અંતરમાં ઠરે છે.

જ્ઞાયકતત્ત્વમાંથી કાંઈ વાણીનો ધ્વનિ નથી ઊઠતો, તે વાણીનો ધ્વનિ તો જડપરમાણુઓમાંથી ઊઠે છે. વાણી તરફનો વિકલ્પ ઊઠે તે પણ જ્ઞાયકતત્ત્વમાંથી નથી ઊઠતો, જ્ઞાન પર લક્ષમાં અટકતાં વિકલ્પ ઊઠયો છે, તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવા જ્ઞાનસ્વરૂપને નક્કી કરે તો અંદર અપૂર્વ શાંતિ ને સમાધિ થાય. ।। ૧૮।।

બાહ્ય વિકલ્પ છોડીને, અંતરનો વિકલ્પ પણ છોડવા માટે ધર્મી વિચારે છે કે–

**यत्परेः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये ।**
**उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः ।।१९।।**

હું ઉપાધ્યાયાદિ પરવડે પ્રતિપાદ્ય થાઉં એટલે કે બીજાવડે હું સમજું, કે હું બીજાને પ્રતિપાદન કરીને સમજાવું,– આવો જે વિકલ્પ છે તે મારી ઉન્મત્ત ચેષ્ટા છે, કેમકે ખરેખર હું નિર્વિકલ્પ છું, વિકલ્પ વડે કે વચન વડે ગ્રાહ્ય થાય એવું મારું સ્વરૂપ નથી.–આ રીતે જ્ઞાની અંતરંગ વિકલ્પોને પણ છોડીને નિર્વિકલ્પ સ્વસંવેદનમાં ઠરવા માંગે છે.

ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે પોતાથી જ સ્વસંવેદ્ય છે, પોતાની જાગૃતિ વગર બીજા કોઈથી સમજે એવો નથી. માટે જ્ઞાતા–સ્વભાવથી બહાર વૃત્તિ જાય ને બીજા પાસેથી સમજવાની કે બીજાને સમજાવવાની વૃત્તિ ધર્મીને ઊઠે તે પણ મોહની ચેષ્ટા હોવાથી તેને અહીં ઉન્મત્ત ચેષ્ટા કહી છે. 'ઉન્મત્ત ચેષ્ટા' નો અર્થ એમ ન સમજવો કે જે ઉપદેશ કરે તે બધા અજ્ઞાની છે.–ઉપદેશની વૃત્તિ તો જ્ઞાનીને આવે; પણ ઉપદેશમાં ભેદથી પ્રતિપાદન થાય છે, તે ભેદદ્વારા અભેદ આત્માનું ગ્રહણ થતું નથી માટે ભેદની વૃત્તિ ઊઠે તે ઉન્મત્ત ચેષ્ટા છે એટલે કે મોહનો ઉન્માદ છે; તે મારા જ્ઞાનનું સ્વરૂપ નથી. મારા આત્માનું સ્વરૂપ તો નિર્વિકલ્પ–અતીન્દ્રિયજ્ઞાનથી ગ્રાહ્ય છે, વિકલ્પથી ગ્રાહ્ય નથી–એમ જે નથી જાણતો, ને બીજાના શબ્દોથી હું સમજી જાઉં કે હું વિકલ્પવડે બીજાને સમજાવી દઉં–એમ માને છે તેને તો મિથ્યાત્વનો મોટો ઉન્માદ છે. ધર્મી જાણે છે કે વાણીથી કે વિકલ્પથી આત્મા ગ્રાહ્ય થાય તેવો નથી; વાણીમાં ને વિકલ્પમાં તો ભેદથી પ્રતિપાદન આવશે. "આત્માદર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ છે" એમ પ્રતિપાદન કરે તો તેમાં પણ ભેદ છે, તે ભેદના લક્ષે આત્માના નિર્વિકલ્પ

સ્વરૂપનું ગ્રહણ થતું નથી, માટે ભેદનો વિકલ્પ ઊઠે તે પણ મોહની ચેષ્ટા છે, મારા જ્ઞાયકતત્ત્વમાં તે વિકલ્પનો પ્રવેશ નથી.

જાુઓ, આ અંતર્મુખદ્રષ્ટિનો અભિપ્રાય! હું તો જ્ઞાયક જ છું, વિકલ્પ કે વાણી મારું સ્વરૂપ નથી. ઉપદેશની વૃત્તિ આવે ને વાણીનો ધોધ છૂટતો હોય તે વખતે પણ જ્ઞાનીને આવી જ્ઞાયકતત્ત્વની દ્રષ્ટિ છૂટતી નથી. અને જે વિકલ્પ ઊઠયો છે તેને પણ જ્ઞાનતત્ત્વથી ભિન્ન, મોહનું કાર્ય જાણે છે-તે અસ્થિરતાની ચેષ્ટા છે એમ જાણે છે એટલે તેનું જોર વિકલ્પ ઉપર નથી જતું પણ જ્ઞાયકસ્વભાવ તરફ જ તેનું જોર રહે છે. તેથી તેને વિકલ્પ તૂટીને સ્વરૂપમાં સ્થિરતારૂપ સમાધિ થાય છે.

અહો, આચાર્યદેવ કહે છે કે પરમ ઉપશાંત ચૈતન્યતત્ત્વના આનંદમાંથી બહાર નીકળીને અસ્થિરતામાં જે વિકલ્પો ઊઠે છે તે મારી ઉન્મત્ત-ચેષ્ટા છે. જાુઓ તો ખરા! આ છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા ને પંચપરમેષ્ઠીપદમાં ભળેલા એવા શ્રી પૂજ્યપાદ સ્વામી કહે છે કે અરે! અમારા અતીન્દ્રિય આનંદના વેદનમાંથી બહાર નીકળીને પરને સમજાવવાનો વિકલ્પ ઊઠે તે પણ નિરર્થક ઉન્મત્તવત્ ચેષ્ટા છે. જે શુભ રાગના વિકલ્પને આચાર્યદેવ ઉન્મત્ત ચેષ્ટા કહે છે તે શુભરાગથી અજ્ઞાની મૂઢજીવો સંવર-નિર્જરા થવાનું માને છે. અરે! વીતરાગી સંતોએ જેને ઉન્મત્તચેષ્ટા કીધી તેને મૂઢ જીવો ધર્મ માને છે, પણ તેમની તે માન્યતા ઉન્મત્ત જેવી છે. રાગ અને ધર્મ વચ્ચેનો વિવેક નહિ જાણતા હોવાથી તેઓ ઉન્મત્ત જેવા છે. ભગવાન ઉમાસ્વામી તત્ત્વાર્થ સૂત્રજીમાં કહે છે કે 'सदसतोरविशेषाद्यदृच्छोपलब्धेरुन्मत्तवत्' અર્થાત્ મિથ્યાદ્રષ્ટિ જીવ સત્ અને અસત્‌ને અવિશેષપણે પોતાની ઇચ્છા પ્રમાણે, ઉન્મત્તવત્ ગ્રહણ કરે છે, તેને સત્-અસત્‌નો વિવેક નથી તેથી તેનું જ્ઞાન મિથ્યા છે. જે જીવ શુભરાગથી ધર્મ માને છે તે પણ રાગને અને ધર્મને એકપણે માને છે એટલે સત્-અસત્‌ને એકપણે માને છે તેથી તે મિથ્યાદ્રષ્ટિ ઉન્મત્ત છે. અહીં તો એવું મિથ્યાત્વ ટળ્યા પછી પણ, અસ્થિરતાના રાગની જે ચેષ્ટા છે તે પણ નિરર્થક હોવાથી તેને ઉન્મત્ત ચેષ્ટા જાણીને, સંતો તે છોડીને સ્વરૂપમાં ઠરવાની ભાવના ભાવે છે-તેની વાત છે. ।। ૧૯।।

***

## (વીર સં. ૨૪૮૨, જેઠ સુદ ૧૧, સમાધિશતક ગા. ૨૦)

સમકિતી અંતરાત્મા સ્વસંવેદનથી પોતાના નિર્વિકલ્પ આત્મસ્વરૂપને કેવું જાણે છે તે કહે છે-

**यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति ।**
**जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम् ।।२०।।**

અગ્રાહ્ય એવા ક્રોધાદિ વિકારી ભાવોને પોતાના સ્વરૂપમાં જે ગ્રહતો નથી, અને ગૃહીત એવા પોતાના અનંત જ્ઞાનાદિસ્વરૂપને જે કદી છોડતો નથી, જે સર્વથા સર્વને જાણે છે-એવો સ્વસંવેદ્ય હું છું.-એમ ધર્મી જાણે છે.

હું તો સદાય જ્ઞાન-દર્શન-આનંદસ્વરૂપ જ છું, શરીર-મન-વાણી-કર્મ-રાગ-દ્વેષ વગેરેને મારા સ્વરૂપમાં મેં કદી ગ્રહ્યા જ નથી, મારા જ્ઞાનસ્વરૂપથી તે જાુદા ને જાુદા જ છે. મારો સહજસ્વભાવ જ્ઞાન-આનંદસ્વરૂપ છે તેને હું કદી છોડતો નથી; મારો આત્મા ક્રોધાદિ સ્વરૂપ નથી પણ સર્વથા સર્વનો જાણનાર જ છે.-આવો આત્મા જ હું છું- એમ અંતરાત્મા પોતાના સ્વસંવેદનથી અનુભવે છે.

જાુઓ, આ સમકિતીનો આત્મા! સમકિતી પોતાના આત્માને શરીરરૂપ કે રાગાદિરૂપ નથી માનતો, પણ જ્ઞાયકસ્વરૂપ-આનંદસ્વરૂપ જ માને છે. આત્મા ગૃહીત એવા પોતાના સહજ જ્ઞાનાદિ સ્વરૂપને છોડતો નથી. જ્ઞાનાદિને 'ગૃહીત' કહ્યા એનો અર્થ એમ નથી કે તેને આત્માએ નવા ગ્રહણ કર્યાં છે; પરંતુ અનાદિથી જ આત્મા તે જ્ઞાનાદિસ્વરૂપ જ છે, તે સ્વરૂપથી આત્મા કદી છૂટતો નથી; અને ક્રોધાદિસ્વરૂપ કદી થઈ જતો નથી. ક્ષણિક પર્યાયમાં ક્રોધાદિ છે પણ તે પર્યાય જેટલો જ આત્મા સમકિતી માનતો નથી, તે ક્રોધાદિને પોતાના સ્વરૂપથી બાહ્ય જાણે છે, ને જ્ઞાનઆનંદમય સ્વભાવને જ તે પોતાના અંતર્‌સ્વરૂપે ગ્રહણ કરે છે. શ્રદ્ધાજ્ઞાનમાં જે ચિદાનંદસ્વભાવને ગ્રહણ કર્યો તેને ધર્મી કદી છોડતા નથી, અને ક્રોધાદિને પોતાના સ્વરૂપમાં એકમેક માનીને કદી ગ્રહણ કરતા નથી, તેને પોતાના સ્વરૂપથી જાુદા જ જાણે છે. આ રીતે ઉપયોગસ્વરૂપ આત્માને ક્રોધાદિથી જાુદો અનુભવવો તે અંતરાત્મા થવાનો ઉપાય છે.

મારો આત્મા ઉપયોગસ્વરૂપ છે તે ઉપયોગમાં જ છે, ને ક્રોધાદિમાં નથી; તથા ક્રોધાદિભાવો મારા ઉપયોગમાં નથી; આવું ભેદજ્ઞાન જ્યારે થાય છે ત્યારે તે અંતરાત્મા ક્રોધાદિ પરભાવોમાં એકતાપણે કદી પરિણમતો જ નથી, ક્રોધાદિને આત્માના સ્વરૂપપણે ગ્રહતો નથી, અને 'હું તો જ્ઞાયક છું'–એમ શ્રદ્ધાજ્ઞાનમાં ગ્રહણ કર્યું છે તેને કદી છોડતો નથી, પોતાના આત્માને જ્ઞાયકસ્વરૂપે જ સ્વીકારે છે.

ધર્મી પ્રમોદથી–નિઃશંકપણે એમ જાણે છે કે અહો! હું તો જ્ઞાનઆનંદસ્વરૂપ જ રહ્યો છું, રાગાદિને મેં મારા સ્વરૂપમાં કદી ગ્રહ્યા જ નથી, મારો સ્વભાવ કદી રાગાદિરૂપ થઈ ગયો નથી. જ્ઞાનના સ્વાદને અને રાગના સ્વાદને ધર્મી જુદો જુદો જાણે છે. શુદ્ધ જ્ઞાયકસ્વરૂપમાં રાગાદિ પરભાવોને કદી એકપણે તે સ્વીકારતો નથી. શરીરને ગ્રહે કે છોડે, કર્મોને ગ્રહે કે છોડે, રાગાદિને ગ્રહે કે છોડે–એવો આત્માનો સ્વભાવ નથી, આત્માનો સ્વભાવ તો સ્વસંવેદનથી ગ્રાહ્ય એવો જ્ઞાનાનંદરૂપ જ છે. શરીરાદિને હું છોડું–એમ માનનારે તે શરીરાદિને પોતામાં ગ્રહેલા માન્યા છે,–તે વિભ્રમ છે. એ જ પ્રમાણે બહારના આશ્રયે–ઈન્દ્રિયો વગેરેથી જ્ઞાનનું ગ્રહણ થાય એમ જે માને છે તેણે પોતાના આત્માને જ્ઞાનાનંદસ્વરૂપ નથી જાણ્યો, જ્ઞાનને પોતાથી જુદું માન્યું છે, એટલે તેને છોડી દીધું છે,–તે બહિરાત્મા છે. ધર્મી તો જાણે છે કે મેં શરીરાદિને મારામાં કદી ગ્રહ્યા જ નથી કે તેને હું છોડું; તેમજ મારા જ્ઞાનાદિસ્વરૂપને મેં કદી છોડયું જ નથી કે તેને બહારથી ગ્રહણ કરું. હું તો સદાય શરીરાદિથી જુદો જ રહ્યો છું ને મારા જ્ઞાનાનંદસ્વરૂપમાં સદા એકમેકરૂપે જ રહ્યો છું. હું સર્વથા સર્વનો જાણનાર જ છું.–આવો આત્મા સ્વસંવેદનગમ્ય જ છે. જે સ્વસંવેદનથી પોતાના આવા આત્માને જાણે છે તે અંતરાત્મા છે. ।। ૨૦।।

ઉપર કહ્યો તેવા આત્મસ્વરૂપના જ્ઞાન વગર પૂર્વે અજ્ઞાનદશામાં મેં કેવી ચેષ્ટા કરી–તે ધર્મી વિચારે છે–

**उत्पन्नपुरुषभ्रान्तेः स्थाणौ यद्वद्विचेष्टितं ।**
**तद्वन्मे चेष्टितं पूर्व देहादिष्वात्मविभ्रमात् ।।२१।।**

જેમ કોઈ પુરુષને ઝાડના ઠૂંઠામાં 'આ પુરુષ છે' એવી ભ્રાંતિ થઈ જાય અને તે ભ્રાંતિને લીધે તેને બોલાવે તેના ઉપર ખીજાય, વળી તેને મનાવે–એમ અનેક પ્રકારની વ્યર્થ ચેષ્ટા કરે, તેમ મેં પણ પૂર્વે ભ્રમથી આ દેહરૂપ ઠૂંઠાને જ આત્મા માનીને વ્યર્થ ચેષ્ટાઓ કરી.

જેમ કોઈ પુરુષ રાત્રે અંધારામાં કોઈ માણસને મળવા ગયો હોય, ત્યાં ઝાડના ઠૂંઠાને દેખીને ભ્રમણાથી એમ માની લ્યે કે આ માણસ છે, એમ માનીને તેને બોલાવે, 'ભાઈ બોલોને! કેમ બોલતા નથી? મારાથી કેમ રીસાણા છો?' પણ ઠૂંઠું તો કાંઈ બોલે નહિ, એટલે ખીજાઈને તેને બાથ ભરવા જાય, ત્યાં ખબર પડે કે અરે! આ તો ઝાડનું ઠૂંઠું! મેં તેને માણસ માનીને અત્યાર સુધી વ્યર્થ ચેષ્ટાઓ કરી. તેમ અજ્ઞાની જીવ આ દેહને જ આત્મા માની રહ્યો છે, દેહ તો ઝાડના ઠૂંઠા જેવો જડ છે છતાં તેને જ જીવ માનીને 'હું બોલું, હું ખાઉં' એમ અજ્ઞાની વ્યર્થ ચેષ્ટાઓ કરે છે. ધર્મી જાણે છે કે અરે, મેં પણ પહેલાં અજ્ઞાનદશામાં શરીરને આત્મા માનીને ઉન્મત્તવત્ વ્યર્થ ચેષ્ટાઓ કરી; હવે ભાન થયું કે અહો, હું તો જ્ઞાનાનંદસ્વરૂપ જ છું, આ દેહ તો જડ અચેતન છે; દેહથી હું અત્યંત જુદો જ છું, પૂર્વે પણ જુદો જ હતો પણ ભ્રમથી તેને મારો માનીને મેં વ્યર્થ ચેષ્ટાઓ કરી હતી.

બળદેવ–વાસુદેવને અતિશય પ્રેમ હોય છે; જ્યારે વાસુદેવ મરી જાય છે ત્યારે બળદેવ અતિશય પ્રેમને લીધે તેના મડદાને છ મહિના સુધી સાથે ફેરવે છે, ને જાણે તે હજી જીવતા જ હોય એમ તેની સાથે ચેષ્ટા કરે છે. લક્ષ્મણજી મરી જતાં રામચંદ્રજી તેના મૃતક શરીરને લઈને ફરે છે ત્યારે કહે છે કે અરે ભાઈ! હવે તો તું બોલ, મારા ઉપર તેં આવી રીસ કદી કરી નથી; સવાર પડે ત્યાં કહે કે ભાઈ લક્ષ્મણ! હવે તો તું ઊઠ સવાર થઈ ગઈ. તું ક્યાં સુધી સૂઈ રહીશ? જિનેન્દ્ર ભગવાનની પૂજાનો અવસર ચાલ્યો જાય છે. વળી તેને નવરાવે, તેના મોઢામાં કોળીઓ મૂકીને તેને ખવરાવે– એમ અનેક પ્રકારની ચેષ્ટાઓ મડદા સાથે કરે છે. (–જો કે આ પ્રસંગે પણ રામચંદ્રજી તો આત્મજ્ઞાની હતા, તેમને માત્ર અસ્થિરતાનો મોહ હતો, આત્માને દેહાદિથી ભિન્ન જ જાણતા હતા એટલે અજ્ઞાન ન હતું; પણ અહીં તો મરેલાંને જીવતું માનીને વ્યર્થ ચેષ્ટાઓ કરી તે બતાવતા માટે દ્રષ્ટાંત લીધું છે.) તેમ આ શરીર તો સદાય જડ મૃતકકલેવર છે પણ અજ્ઞાની

# લીંબડી શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા

જિનશાસનપ્રભાવક પૂ. કહાનગુરુદેવના પુનિતપ્રતાપે સૌરાષ્ટ્રના ભક્તજનોને ઠેરઠેર જિનેન્દ્રભગવંતોનો ભેટો થઈ રહ્યો છે, અને તીર્થંકરભગવંતોના પંચકલ્યાણકના અદ્‌ભુત મહોત્સવોનું મહાન સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. જિનેન્દ્રભગવાનનું તેમજ જિનેન્દ્રભગવાને કહેલા માર્ગનું યથાર્થ સ્વરૂપ સમજાવીને પૂ. ગુરુદેવ ભક્તજનો ઉપર પરમ ઉપકાર કરી રહ્યા છે.

લીંબડી શહેરમાં પણ ગુરુદેવના પ્રતાપે ભવ્ય દિ. જિનમંદિર તૈયાર થયું અને તેમાં શ્રી પાર્શ્વનાથાદિ ભગવંતોની પ્રતિષ્ઠાનો ભવ્ય પંચકલ્યાણક મહોત્સવ ગુરુદેવની મંગલકારી છાયામાં ઊજવાયો. વૈશાખ સુદ પાંચમે પ્રતિષ્ઠા માટેના ખાસ મંડપમાં શ્રી જિનેન્દ્રભગવાનને બિરાજમાન કરીને ઝંડારોપણ કરવામાં આવ્યું, તથા અંકુરારોપણ, જલયાત્રા અને સમવસરણ મંડલવિધાન થયું હતું. મંડલવિધાન પૂરું થતાં વૈશાખ સુદ સાતમે શ્રીજિનેન્દ્રદેવનો અભિષેક થયો હતો.

વૈશાખ સુદ ૯ના રોજ પૂ. ગુરુદેવ લીંબડી પધાર્યા હતા; અને નાંદીવિધાન તથા ઇન્દ્રપ્રતિષ્ઠા પણ તે જ દિવસે થયા હતા. હાથી ઉપર ઇન્દ્રોનો વરઘોડો તથા ગુરુદેવના સ્વાગતનું જુલુસ–એ બંને એક સાથે જ નીકળ્યા હતા. આ પ્રસંગે નગરી ઘણી સુશોભિત શણગારેલી હતી. અમદાવાદની બેન્ડપાર્ટી અને હાથીને લીધે આ જાુલુસ ઘણું જ પ્રભાવશાળી હતું, ને આખું શહેર તે જોવા ઉમટયું હતું. ગુરુદેવે માંગળિક સંભળાવ્યા બાદ યાગમંડલવિધાન (–જેમાં ઇન્દ્રોદ્વારા પંચપરમેષ્ઠી વગેરેનું પૂજન થાય છે તે) થયું હતું.

રાત્રે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાનું દ્રશ્ય થયું હતું.

---

જીવ મોહથી આ શરીર તે જ હું છું એમ માનીને તેની સાથે વ્યર્થ ચેષ્ટાઓ કરે છે. અજ્ઞાની જીવ આ જડ દેહરૂપી મડદાને જીવતું માનીને (એટલે કે તેને જ આત્મા માનીને) અનંતકાળથી તેને સાથે ફેરવી રહ્યો છે; મૃતકકલેવરમાં ચૈતન્ય ભગવાન મૂર્છાઈ ગયો છે. દેહની ચેષ્ટાઓથી જે પોતાને સુખી–દુઃખી માને છે, દેહની ક્રિયા હું કરું એમ માને છે, દેહની ક્રિયાવડે ધર્મનું સાધન થાય એમ માને છે તે બધાય શરીરને જ આત્મા માનનારા છે, તેઓ પોતાના શ્રદ્ધા–જ્ઞાનરૂપી ખભા ઉપર જડ મડદાને જ ધારણ કરીને ભવભ્રમણમાં રખડી રહ્યા છે. રામચંદ્રજીને તો જ્યારે ખભે લક્ષ્મણનું મડદું હતું ત્યારે પણ અંતરના શ્રદ્ધા–જ્ઞાનમાં પોતાના ચિદાનંદસ્વભાવનું જ ગ્રહણ હતું, રાગનું કે દેહાદિનું એક ક્ષણ પણ ગ્રહણ ન હતું. અરે! અજ્ઞાનદશામાં ચૈતન્યતત્ત્વને ચૂકીને ભ્રમથી જીવ કેવી કેવી વ્યર્થ ચેષ્ટાઓ કરી રહ્યો છે તેની તેને પોતાને ખબર નથી. જ્યારે જીવ પોતે જ્ઞાની થયો ત્યારે તેને ખબર પડી કે અરે! પૂર્વે અજ્ઞાનદશામાં મેં કેવી નકામી ચેષ્ટાઓ કરી! ।। ૨૧।।

પંચકલ્યાણક મહોત્સવના પ્રારંભમાં મંગલરૂપે આઠ કુમારિકા બહેનોએ શ્રી જિનેન્દ્રદેવની સ્તુતિ કરી હતી. ત્યારબાદ, સ્વર્ગમાં સૌધર્મેન્દ્રની સભા ભરાણી છે, ઇન્દ્ર અવધિજ્ઞાનથી છ મહિના બાદ આદિનાથ તીર્થંકરનો ગર્ભકલ્યાણક થવાનું જાણીને દેવોને પંદર મહિના સુધી રત્નવૃષ્ટિ કરવાની આજ્ઞા આપે છે, તેમજ આઠ દેવીઓને મરૂદેવીમાતાની સેવા માટે નિયુક્ત કરે છે–એ બધા ભાવો બતાવવામાં આવ્યા હતા. ઇન્દ્રાદિક દેવો આવીને ભગવાનના માતા–પિતાનું બહુમાન કરે છે ને ભેટ ધરે છે; માતાજી સોળ મંગળસ્વપ્નો દેખે છે–ઇત્યાદિ સુંદર દશ્યો થયા હતા.


વૈશાખ સુદ ૧૦ના રોજ સવારમાં ગર્ભકલ્યાણકનું દશ્ય થયું હતું; તેમાં દેવીઓ મરૂદેવી માતાની સેવા કરે છે, માતાજી સાથે અનેકવિધ પ્રશ્નચર્ચા કરે છે; અને માતાજી રાજસભામાં જઈને નાભિરાજા સમક્ષ ૧૬ મંગલ સ્વપ્નોનું વર્ણન કરે છે, ને મહારાજા નાભિરાય તે સ્વપ્નોના ઉત્તમ ફળ તરીકે તીર્થંકરભગવાન શ્રી ઋષભદેવના ગર્ભાવતરણનું વર્ણન કરે છે. (ભગવાનના માતાપિતા તરીકે શેઠશ્રી મનસુખલાલ ગુલાબચંદ તથા તેમના ધર્મપત્ની હતા)

બપોરે પૂ. ગુરુદેવના પ્રવચન બાદ શ્રી જિનમંદિરશુદ્ધિ, વેદીશુદ્ધિ, કળશ તથા ધ્વજશુદ્ધિ થઈ હતી; જિનમંદિરમાં ઇન્દ્રો–ઇન્દ્રાણીઓએ તથા દેવીઓએ વેદી શુદ્ધિ વગેરે કર્યા બાદ, પૂ. બેનશ્રીબેને શુદ્ધિ તથા સ્વસ્તિક કર્યા હતા; પવિત્ર આત્માઓના મંગલહસ્તે ભગવાનના ધામની શુદ્ધિ થતી દેખીને ભક્તોને ઘણો હર્ષ થયો હતો. રાત્રે અજમેરની ભજનમંડળીદ્વારા ભક્તિનો પ્રોગ્રામ થયો હતો.

વૈશાખ સુદ ૧૧ના રોજ ઋષભદેવ તીર્થંકરના જન્મકલ્યાણકનો મહોત્સવ ઘણા ઉત્સાહથી સુંદર રીતે થયો હતો. સવારમાં મરૂદેવીમાતાની કૂખે શ્રી આદિનાથ ભગવાનનો જન્મ થવાની મંગળવધાઈ દેવીઓએ આપી હતી; ચારે બાજુ વાજિંત્રોના મંગલનાદ અને સ્વર્ગમાં ઘંટારવ થતા હતા. ઇન્દ્રસભામાં ભગવાનના જન્મની ખબર પડતાં જ ઇન્દ્રોએ સિંહાસનથી ઊતરીને બાલ–પ્રભુજીને વંદન કર્યા અને તરત જ અદશ્ય–ઐરાવત હાથી ઉપર બેસીને ભગવાનના જન્મધામની ત્રણ પ્રદક્ષિણા કરી હતી. પ્રદક્ષિણા બાદ શચી–ઇન્દ્રાણીએ બાલપ્રભુજીને તેડીને હર્ષપૂર્વક ઇન્દ્રના હાથમાં આપ્યા હતા. પછી હાથી ઉપર બિરાજમાન કરીને પ્રભુજીને મેરૂપર્વત ઉપર લઈ જવાનું ભવ્ય જાુલૂસ નીકળ્યું હતું. શહેરના સુશોભિત રસ્તાઓ ઉપર આ જાુલૂસ ઘણું શોભતું હતું. ઐરાવત ઉપર બિરાજમાન બાલપ્રભુજીના દર્શન કરવા આખી નગરીના પ્રજાજનો ઉમટી રહ્યા હતા. અજમેરની ભજનમંડળી પણ સાથે હોવાથી પ્રસંગ ઘણો ઉલ્લાસભર્યો હતો. મેરૂપર્વત પાસે પહોંચતા ત્યાં હાથીએ ત્રણ પ્રદક્ષિણા કરી ને પછી પાંડુકશિલા ઉપર પ્રભુજીને બિરાજમાન કર્યા. સુપ્રભાતના પ્રકાશમાં મેરુ ઉપર બિરાજમાન પ્રભુજીનું દશ્ય અત્યંત ભવ્ય લાગતું હતું. એ વખતે ભગવાનને નીરખતાં એમ થતું હતું કે અહો નાથ! ધન્ય આપનો અવતાર! ધન્ય આપનો જન્મ! આ અવતારમાં જ આત્માના પૂર્ણ હિતને સાધીને આપ તીર્થંકર થશો..ને જગતના અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કરશો..આ આપનો છેલ્લો અવતાર છે..એ બાલક પ્રભુજીને નીરખતાં ભક્તોને બહુ આનંદ થતો હતો. પછી ઇન્દ્રોએ તેમજ અનેક ભક્તજનોએ અતિશય ઉલ્લાસપૂર્વક શ્રી ઋષભકુંવર ભગવાનનો જન્માભિષેક કર્યો..તે પ્રસંગે ચારે તરફ પ્રસન્નતા અને ભક્તિનું વાતાવરણ છવાઈ ગયું હતું. લીંબડીના નામદાર શ્રી ઠાકોર સાહેબ પણ ભગવાનનો જન્માભિષેક જોવા આવ્યા હતા. જિનેન્દ્ર અભિષેક માટે ભક્તોને એટલો ઉત્સાહ હતો કે ૧૧ ને બદલે ઠેઠ ૫૧ કળશ સુધી ઊછામણી થઈ હતી. અભિષેક બાદ ભગવાનને દિવ્ય વસ્ત્રાભૂષણ પહેરાવીને પાછા આવીને માતાજીને સોંપ્યા હતા, અને ત્યાં ઇન્દ્ર–ઇન્દ્રાણી વગેરેએ ભક્તિપૂર્વક તાંડવ નૃત્ય કર્યું હતું..સર્વે ભક્તજનો ભગવાનના જન્મની ખુશાલી મનાવતા હતા.

બપોરના પ્રવચનમાં ગુરુદેવે તીર્થંકર ભગવાનના જન્મનો મહિમા સમજાવ્યો હતો; પ્રવચન બાદ શ્રી આદિકુંવરનું પારણું ઝુલાવવાની ક્રિયા થઈ હતી, ભક્તો ભાવપૂર્વક ભગવાનનું પારણું ઝૂલાવતા હતા..પારણું ઝૂલાવતી વખતે ભગવાન પ્રત્યેના પૂ. બેનશ્રીબેનના વિશેષ ભાવો જોઈજોઈને ભક્તોને હર્ષ થતો હતો.

રાત્રે શ્રી આદિનાથ મહારાજાના રાજદરબારનો દેખાવ થયો હતો..પ્રથમ શ્રી નાભિમહારાજા આદિકુમારને પટ્ટબંધન કરીને તેમનો રાજ્યાભિષેક કરે છે; ને ત્યારબાદ મહારાજા આદિકુમારના રાજદરબારમાં દેશોદેશના



## લીંબડીનુ દિગંબર જૈન મંદિર

રાજામહારાજાઓ આવીને ભક્તિપૂર્વક ભેટ ધરે છે; તથા સર્પનૃત્ય વગેરે સુંદર દશ્યો થયા હતા. ભગવાને ઘણા વર્ષો સુધી રાજ્ય કર્યું, ને પ્રજાને બ્રાહ્મીવિદ્યા, લેખનવિદ્યા, રાજવિદ્યા વગેરેનું જ્ઞાન આપ્યું...અનુક્રમે ભગવાનની દીક્ષાનો અવસર આવ્યો.

વૈશાખ સુદ ૧૨ના રોજ સવારમાં ભગવાનનો દીક્ષા કલ્યાણક થયો હતો. સવારમાં, ભગવાનનો રાજદરબાર ભરાયો છે ને દેવીઓ ભક્તિપૂર્વક નૃત્ય કરી રહી છે. નીલંજસા નામની દેવીનું આયુષ્ય પૂર્ણ થતાં નૃત્ય કરતાં કરતાં જ તેનો દેહ વિલય થઈ જાય છે, અને તેને સ્થાને તરત જ જો કે બીજી દેવી ગોઠવાઈ જાય છે, તો પણ ભગવાનના ખ્યાલમાં તે વાત આવી જાય છે, અને સંસારની આવી ક્ષણભંગુરતા દેખીને તેઓ સંસારથી વિરક્ત થાય છે, ને બાર વૈરાગ્યભાવનાઓના ચિંતનપૂર્વક દીક્ષા લેવા માટે તૈયાર થાય છે તરત જ લોકાંતિક દેવો આવે છે, ને ભગવાનની સ્તુતિ કરીને તેમના વૈરાગ્યનું અનુમોદન કરતાં કહે છે કેઃ હે નાથ! આપશ્રી જે પરમ વૈરાગ્યભાવનામાં ઝૂલી રહ્યા છો તેને અમારું અનુમોદન છે...હે પ્રભો! આ સંસારના ભોગ ખાતર આપનો અવતાર નથી પણ આત્માના મોક્ષ ખાતર આપનો અવતાર છે. પ્રભો, ચૈતન્યના આનંદસાગરમાં લીન થઈને આપ શીઘ્ર કેવળજ્ઞાન પામો, અને આ ભરતક્ષેત્રમાં અસંખ્ય વર્ષોથી બંધ રહેલા મોક્ષનાં દ્વારને આપની દિવ્યવાણીવડે ખુલ્લાં કરો.

હે નાથ! મિથ્યાત્વાદિ ભાવોને જીવોએ અનંતવાર પૂર્વે ભાવ્યા છે પણ સમ્યક્ત્વાદિ ભાવોને પૂર્વે કદી ભાવ્યા નથી. પૂર્વે નહિ ભાવેલી એવી અપૂર્વ ભાવનાને-રત્નત્રયભાવનાને-આપ ભાવી રહ્યા છે, તે ભાવનાને અમારું અત્યંત અનુમોદન છે...ને અમે પણ એ જ ધન્ય મુનિદશાને ઝંખી રહ્યા છીએ.” આ પ્રમાણે

લોકાંતિક દેવોએ ભક્તિપૂર્વક ભગવાનના વૈરાગ્યનું અનુમોદન કર્યા બાદ, તરત ઇન્દ્રો અને દેવો જયજયકાર કરતા પાલખી લઈને ભગવાનનો દીક્ષાકલ્યાણક ઊજવવા આવ્યા. શ્રી આદિનાથ ભગવાન પાલખીમાં બિરાજમાન થયા. દેવેન્દ્રો અને રાજેન્દ્રોનો સમૂહ ભગવાનની પાલખી ઊંચકવા કટિબદ્ધ થયો...અહા! તીર્થંકરનાથની પાલખી ઊંચકવાનો ઉત્સાહ કોને ન હોય? અહીં દેવો અને રાજાઓ વચ્ચે એક વિવાદ ઉપસ્થિત થયો...દેવો કહેઃ ભગવાનની પાલખી પહેલાં અમે ઊઠાવીએ, ને રાજાઓ કહે કે પહેલાં અમે ઊઠાવીએ.–છેવટે એમ નિર્ણય થયો કે જેઓ ઠેઠ સુધી ભગવાનની સાથે રહી શકે–દીક્ષા વખતે પણ ભગવાન સાથે રહી શકે એટલે કે ભગવાનની સાથે દીક્ષા લ્યે–તેઓ ભગવાનની પાલખી પહેલાં ઊઠાવે.–એ વાત થતાં દેવો ઝંખવાણા પડી ગયા, કેમકે દેવોને મુનિદીક્ષા હોતી નથી. તેથી રાજાઓ પ્રથમ ભગવાનની પાલખી ઉઠાવીને સાત પગલાં ચાલ્યા, ત્યારબાદ વિદ્યાધરો સાત પગલાં ચાલ્યા, અને પછી દેવો પાલખી લઈને ગગનમાર્ગે દીક્ષાવનમાં આવ્યા. અને દીક્ષાવનમાં એક વૃક્ષ નીચે વૈરાગ્યમય વાતાવરણમાં દીક્ષાવિધિ થઈ...સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને ભગવાન સ્વયંદીક્ષિત થયા..ને અપ્રમત્ત આત્મધ્યાનમાં લીન થયા...તુરત જ મનઃપર્યય જ્ઞાન થયું. ભગવાનની દીક્ષા બાદ દીક્ષાવનમાં પૂ. ગુરુદેવે અદ્દભુત વૈરાગ્ય પ્રવચનદ્વારા મુનિદશાનું સ્વરૂપ બતાવ્યું હતું અને એ ધન્ય અવસરની ભાવના ભાવી હતી...પ્રવચન બાદ અજમેર ભજનમંડળીએ મુનિભક્તિ કરી હતી–

**મારા પરમદિગંબર મુનિવર આયા,**
**સબ મિલ દરશન કર લો...હાં...સબ મિલ૦**
**બાર બાર આનો મુશકિલ છે,**
**ભાવભક્તિ ઉર ધર લો...હાં...ભાવભક્તિ૦**

ઇત્યાદિ ભજનો ગવાયા હતા. ભગવાનની દીક્ષાપ્રસંગનો વરઘોડો ઘણો ભવ્ય હતો...સૌથી આગળ હાથી ઉપર ધર્મધ્વજ ફરકતો હતો, ને પાલખી આરૂઢ ભગવાનની સન્મુખ અજમેરમંડળી ભજનનૃત્ય કરી રહી હતી.. દીક્ષાવિધિ બાદ, "અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.. વિચરશું કવ આદિપ્રભુને પંથ જો.." એમ ભાવના ભાવતાં ભાવતાં ભક્તજનો પાછા ફર્યા...ને ભગવાનના કેશનું ક્ષીરસમુદ્રમાં ક્ષેપણ કર્યું.

ત્યારબાદ શ્રી ઋષભદેવ–મુનિરાજના આહારદાનની વિધિ થઈ હતી...ઋષભમુનિરાજ એક વર્ષ ઉપરાંતના ઉપવાસ બાદ આહાર માટે નીકળ્યા છે...અને ભક્ત–શ્રાવકો પડગાહન કરીને નવધા ભક્તિપૂર્વક ઋષભમુનિરાજને ઇક્ષુરસનું આહારદાન દે છે–એ દશ્ય દર્શનીય હતું. આહારદાનનો પ્રસંગ શેઠ શ્રી મનુસુખલાલ ગુલાબચંદને ત્યાં થયો હતો. આહારદાન પછી ભગવાન જ્યારે પાછા પધાર્યા ત્યારે અનેક ભક્તજનો ખૂબ જ ભક્તિ કરતા કરતા ભગવાનની સાથે જતા હતા.

બપોરે પૂ. ગુરુદેવના મંગલ હસ્તે જિનબિંબો ઉપર અંકન્યાસ વિધિ (ॐ अर्हं नमः ઇત્યાદિ મંત્રાક્ષરોની લેખનવિધિ) થઈ હતી, પૂ. ગુરુદેવ ઘણા ભાવપૂર્વક જિનબિંબો ઉપર અંકન્યાસ કરતા હતા, તે દેખીને ભક્તોને આનંદ થયો હતો.

અંકન્યાસવિધાન બાદ ભગવાનના કેવળજ્ઞાનકલ્યાણકનો ઉત્સવ થયો હતો...સમવસરણમંડલમાં ગંધકૂટી ઉપર ભગવાન બિરાજતા હતા, ઇન્દ્રોએ કેવળજ્ઞાનનું પૂજન કર્યું; ત્યારબાદ, ભગવાને દિવ્યધ્વનિમાં શું કહ્યું–તે ગુરુદેવે પ્રવચનદ્વારા સમજાવ્યું હતું. રાત્રે વીંછીયા પાઠશાળાના બાળકોએ "નેમ–વૈરાગ્ય" નો સુંદર સંવાદ ભજવ્યો હતો.

વૈશાખ સુદ તેરશની સવારમાં, કૈલાસપર્વત ઉપર શ્રી આદિનાથ ભગવાન બિરાજે છે ને ત્યાંથી નિર્વાણ પામે છે. –એ રીતે નિર્વાણકલ્યાણક પ્રસંગ થયો હતો. ભગવાનનો મોક્ષ પોષ વદ ચૌદસે થયો હતો; પોષ વદ ચૌદસને શાસ્ત્રીય રીતે માહ વદ ચૌદસ કહેવાય છે. માહ વદ ચૌદસને મહાશિવરાત્રી તરીકે આજે ઘણા લોકો ઊજવે છે. નિર્વાણ કલ્યાણક થતાં પંચકલ્યાણક પૂરા થયા હતા.

પંચકલ્યાણક બાદ, પ્રતિષ્ઠિત થયેલા શ્રી પાર્શ્વનાથાદિ જિનેન્દ્ર ભગવંતો જિનમંદિરે પધાર્યા હતા...ભગવાન પધાર્યા ત્યારે ભક્તોને ઘણો જ ઉલ્લાસ હતો ને ચારે બાજુ આનંદનું વાતાવરણ છવાઈ ગયું હતું. ગુરુદેવના પ્રતાપે જિનેન્દ્ર દેવનો ભેટો થતાં સૌ ભક્તોના હૈયાં હર્ષથી પુલકિત થતા હતા.

લીંબડી શહેરનું જિનમંદિર ઘણું ભવ્ય અને સુંદર છે. લગભગ ૫૫ હજાર રૂ. ના ખર્ચે તે તૈયાર થયું છે. તેમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન અને તેમની

આજુબાજુમાં શ્રી સીમંધર ભગવાન તથા શ્રી આદિનાથભગવાન બિરાજમાન છે, તથા ઉપરના ભાગમાં શ્રી ચંદ્રપ્રભ ભગવાન બિરાજમાન છે. ભાવપૂર્વક જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠા બાદ જિનમંદિરમાં સમયસારજી શાસ્ત્રની સ્થાપના પણ ગુરુદેવના કરકમળથી થઈ હતી. અને જિનમંદિર ઉપર કલશ તથા ધ્વજ ચઢાવવામાં આવ્યા હતા...વીતરાગી જિનમંદિરમાં બિરાજમાન વીતરાગી ભગવંતોની શાંતમુદ્રા દેખીદેખીને ભક્તજનોનાં હૈડાં ઠરતા હતા..

ભગવંતોની પ્રતિષ્ઠા બાદ તરત જ શાંતિયજ્ઞ થયો હતો અને પછી શ્રી જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી હતી. આ રથયાત્રા ઘણી જ પ્રભાવક હતી. ભગવાન સન્મુખ અજમેર ભજનમંડળીની સતત ભક્તિ અને નૃત્ય, હાથી ઉપર ફરકતો ધર્મધ્વજ, વચ્ચે બેન્ડના વાજિંત્રનાદ, અને ભક્તોનો અપાર ઉત્સાહ,–એ દ્રશ્યોથી રથયાત્રા બહુ જ શોભતી હતી, ભક્તો અને નગરજનો આવી સુંદર રથયાત્રા દેખીને આશ્ચર્ય પામતા.

પરમપૂજ્ય ગુરુદેવના મહાન પ્રતાપે લીંબડી શહેરમાં દિગંબર જૈનમંદિર બંધાયું અને તેમાં જિનેન્દ્ર ભગવંતોની પ્રતિષ્ઠાનો આવો ભવ્ય મહોત્સવ ઊજવાયો. ઝાલાવાડમાં આ પંચકલ્યાણક ઉત્સવ પહેલવહેલો જ હતો...સૌરાષ્ટ્રના લોકોને થોડા વર્ષો પહેલાં ખબર પણ ન હતી કે દિગંબર જૈનધર્મ તે શું છે!! તેને બદલે આજે ગુરુદેવના પ્રતાપે સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર દિ. જૈનધર્મના ઊંડાં મૂળ રોપાયા છે અને દિનદિન જૈનશાસનની પ્રભાવના વધતી જાય છે. આજે તો જાણે આખું સૌરાષ્ટ્ર તીર્થધામ બની ગયું છે. પ્રતિષ્ઠા પ્રસંગે લીંબડીના ભાઈઓને પણ ઘણો ઉલ્લાસ હતો. જિનેન્દ્ર ભગવાનની પ્રતિષ્ઠાનો પંચકલ્યાણક મહોત્સવ ઉલ્લાસપૂર્વક કરાવવા માટે લીંબડીના ભાઈઓ–ખાસ કરીને મનુસુખલાલભાઈ ફૂલચંદભાઈ, હિંમતલાલભાઈ, કેશવલાલભાઈ વગેરેને અનેક ધન્યવાદ ઘટે છે. ચૂડાવાળા ભાઈશ્રી લીલાધર માસ્તરે આ પ્રતિષ્ઠામાં ભગવાનની અને શાસ્ત્રીજીની પ્રતિષ્ઠા માટે જે ઉમંગ બતાવ્યો તે પણ પ્રશંસનીય હતો. ઇંદોરના પંડિત શ્રી નાથુલાલજી શાસ્ત્રી પ્રતિષ્ઠાચાર્ય હતા, તેઓ દરેક પ્રસંગની વિગતવાર સમજણ આપીને બહુ સુંદર રીતે દરેક વિધિ કરાવતા હતા; નિઃસ્પૃહભાવે પ્રતિષ્ઠાવિધિ કરાવવા બદલ તેમને પણ ધન્યવાદ ઘટે છે. પ્રતિષ્ઠાના દિવસે સાંજે જિનમંદિરમાં સુંદર ભક્તિ થઈ હતી. બીજે દિવસે ગુરુદેવે પણ જિનેન્દ્રદેવની એક સ્તુતિ કરી હતી અને વૈશાખ સુદ પૂર્ણિમાએ લીંબડીથી ચૂડા તરફ વિહાર કર્યો હતો.

* * * * *

# “હવે લીધા લીધા!”

એક ડોસીમા મીઠાં ચીભડાં વેચવા આવ્યા...એક માણસને ચીભડાં લેવાનું મન થયું...(ચીભડાંનો ભાવ બે આને શેર હતો.) પાંચ શેરનું ચીભડું લઈને તેણે પૂછયું: ડોશીમા! આનું શું લેશો? ડોશીમા કહે: દસ આના થાય પણ એક આનો ઓછો આપજો. તે માણસ કહે: ચાર આનામાં આપવું છે! “લીધા...લીધા..!” કહેતાક ડોશીમાએ ચીભડું પાછું લઈ લીધું..

તેમ ધર્મની કિંમત સમજ્યા વગર ઘણા લોકો કહે છે કે અમારે ધર્મ કરવો છે...પરંતુ ધર્મને માટે આત્માને સમજવા જે અંતરપ્રયત્ન કરવો જોઈએ તે તો કરતા નથી, ને શરીરની ક્રિયાથી કે શુભરાગથી જ ધર્મ થઈ જવાનું માને છે, –પરંતુ એ રીતે કદી ધર્મની પ્રાપ્તિ થાય નહિ. જ્ઞાની કહે છે કે: ભાઈ! ધર્મ તો અપૂર્વ ચીજ છે, તે એવી સાધારણ ચીજ નથી કે રાગ વડે મળી જાય...અંતરસ્વભાવના અપૂર્વ પુરુષાર્થરૂપી કિંમત વગર ધર્મ મળે નહિ, માટે આત્માની સમજણનો પ્રયત્ન કરવો જોઈએ. ત્યાં જે એમ કહે છે કે: “અમારે આત્મા સમજવો નથી, અમને તો આ બાહ્યક્રિયા ને રાગાદિ કરતાં કરતાં ધર્મ થઈ જશે.”–તો જ્ઞાની કહે છે કે: “કર્યો...કર્યો...તેં ધરમ!!” આત્માને સમજ્યા વગર તને કદી ધર્મ થાય–એમ બનવાનું નથી. ધર્મમાં મૂળ રીત જ આત્માની સમજણ કરવી તે છે; એની જે ના પાડે છે તેને તો ધર્મની ખરી દરકાર જ નથી. ‘ધર્મ કરવો છે’ એમ તે ભલે કહેતો હોય પણ ધર્મની ખરી કિંમત તેને ભાસી નથી.

– લાઠીમાં રાત્રિચર્ચા ઉપરથી.

# ભવ્ય જીવો

## ઘોર સંસારના મૂળને અત્યંત પરિહરો

નિયમસારની ૧૧-૧૨મી ગાથામાં કહ્યું કે આત્માનું સહજ જ્ઞાન તે મોક્ષનું મૂળ છે, તેને પામીને ભવ્યજીવો ઘોર સંસારના મૂળને પરિહરો. સમસ્ત શુભ કે અશુભ તે ઘોર સંસારનું મૂળ છે, તેને અત્યંત પરિહરો એટલે કે સહજજ્ઞાનસ્વભાવને અત્યંત અંગીકાર કરો. શુભ કે અશુભ બંનેથી ઉપર જતાં જીવ સમગ્ર શાશ્વતસુખને પામે છે.

જુઓ, આમાં અશુભની જેમ શુભને પણ ઘોર સંસારનું મૂળ કહ્યું. સંસારના મૂળને મોક્ષનું કારણ માનીને સેવે તેનો ક્યાંથી આરો આવે?

બીજું, અશુભની જેમ શુભને પણ અત્યંત પરિહરવાનું કહ્યું, તે શુભને અંગીકાર કરતાં કરતાં શુદ્ધતા કે સુખ નથી પમાતું, પણ તેનો અત્યંત પરિહાર કરવાથી (ને સહજ જ્ઞાનને અંગીકાર કરવાથી) શુદ્ધતા કે સુખ પમાય છે.

વળી, શાશ્વતસુખ તે અશુભ ને શુભ એ બંનેથી ઉપર છે, એટલે શુભમાં રહીને સુખ નથી પમાતું પણ તે શુભને ઓળંગીને તેનાથી ઉપર એવા સહજ જ્ઞાનસ્વભાવમાં ઊંડા ઊતરવાથી સુખ પમાય છે.

આ રીતે મોક્ષના મૂળરૂપ સહજજ્ઞાનસ્વભાવને ઓળખીને તેને અંગીકાર કરવાથી-અંતર્મુખ થઈને તેમાં ઊંડા ઊતરવાથી-ભવ્યજીવને ઘોર સંસારનું મૂળ છેદાઇ જાય છે, ને તે શાશ્વતસુખને પામે છે.

શુભ પોતામાં થાય છે માટે તેને 'અભૂતાર્થ' ન કહેવાય-એમ નથી. શુભ ભાવ પોતાની પર્યાયમાં થતો હોવા છતાં તેના આશ્રયે હિતની પ્રાપ્તિ નથી થતી, તેથી તેને 'અભૂતાર્થ' કહેવામાં આવે છે. પોતાની પર્યાયમાં તેનું અસ્તિત્વ જ નથી-એમ કાંઈ 'અભૂતાર્થ' નું તાત્પર્ય નથી, પણ તેના આશ્રયથી કલ્યાણની પ્રાપ્તિ થતી નથી કેમકે તે સ્વભાવભૂત નથી-એમ બતાવીને તેનો આશ્રય છોડાવવા માટે તેને 'અભૂતાર્થ' કહે છે. ત્રિકાળી એકરૂપ રહેનાર દ્રવ્યસ્વભાવ ભૂતાર્થ છે, તે ભૂતાર્થસ્વભાવના આશ્રયે કલ્યાણ થાય છે; અને તે ભૂતાર્થસ્વભાવની દ્રષ્ટિથી ભેદરૂપ કે રાગરૂપ સમસ્ત વ્યવહાર અભૂતાર્થ છે. અભૂતાર્થ કહો કે પરિહરવાયોગ્ય કહો, તેનો પરિહાર કરીને સહજ સ્વભાવને અંગીકાર કરવાથી ઘોર સંસારનું મૂળ છેદાઇ જાય છે ને જીવ પરમ શાશ્વત સુખને પામે છે.

(નિ. કળશ-૧૮ ઉપરના પ્રવચનમાંથી)

## અનંત ચતુષ્ટયનો નાથ

મોક્ષની પ્રાપ્તિ માટે કેવા આત્માને ભાવવો, તે કહે છેઃ સ્વાભાવિક અનંત ચતુષ્ટયથી જે સદા સનાથ છે એવા આત્માને સહજ ચિદ્‌વિલાસરૂપે ભાવવો. રાગના સ્વામીપણે આત્માને ન ભાવવો, અલ્પજ્ઞતાવાળા આત્માને ન ભાવવો, પણ કારણરૂપે અનંત ચતુષ્ટયથી સદા પરિપૂર્ણ જેનો સહજ ચૈતન્યવિલાસ છે એવા આત્માને ભાવવો. ભાવના એટલે શ્રદ્ધા-જ્ઞાન-રમણતા;

સ્વભાવમાં તો અનંતચતુષ્ટયની તાકાત સદાય પડી છે, તે સ્વભાવ. ચતુષ્ટયથી આત્મા 'સનાથ' છે, અને સહજ ચૈતન્યરૂપે તેનો વિલાસ છે, આવા આત્મામાં એકાગ્ર થઈને તેની ભાવના કરવાથી કેવળજ્ઞાનાદિ અપૂર્વ ચતુષ્ટય પ્રગટે છે. આ રીતે સહજ ચૈતન્યવિલાસરૂપે આત્માની ભાવના કરવી તે મોક્ષમાર્ગ છે.

અહા, આત્મા તો સહજ ચતુષ્ટયનો ધણી છે, ત્રણે કાળે તેની પાસે અનંતચતુષ્ટયની તાકાત ભરેલી છે; પણ જીવે અનંતચતુષ્ટયના નાથની કદી ભાવના કરી નથી, તે અનંતચતુષ્ટયના નાથની જે ભાવના કરે તે મુક્તિસુંદરીનો નાથ થાય છે.

(પ્રવચનમાંથી)

સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટવતી મુદ્રક અને પ્રકાશક હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રિ. પ્રેસ- ભાવનગર.